કૃષિ વિકાસ થકી ખેડૂત કલ્યાણનો સંકલ્પ

**Budget Edition**
E-COPY




ગુજરાત બજેટ ૨૦૨૨-૨૩


# ગુજરાત બજેટ

**(Special Edition)**

**2022-23**



**શિક્ષણ વિભાગ માટે 34884 કરોડની જોગવાઈ**




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને
ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ
મેળવવા માટે નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/BankingAcademy

FACEBOOK
Like | Comment | Subscribe
Banking Academy

Instagram
Banking Academy

YouTube
Banking Academy

❖ **ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા તેમનું પ્રથમ સામાન્ય બજેટ વિધાનસભામાં રજૂ કર્યું હતું.**

→ આ બજેટ ગુજરાતની 14મી વિધાનસભાનું અંતિમ બજેટ પણ કહેવાય છે. આ બજેટમાં કોઈ નવા કરવેરા નાંખવામાં આવ્યા નથી.

→ દેશની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આઝાદીના આ અમૃત મહોત્સવમાં આપણું રાજ્ય સૌનો સાથ અને સૌનો વિકાસના ધ્યેય સાથે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. હવે સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસની કડી ઉમેરી ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખર પર લઈ જવા અમારી સરકાર કટીબદ્ધ છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવાના આ ભગીરથ કાર્યના ભાગરૂપે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરવાનું ગૌરવ મને પ્રથમવાર પ્રાપ્ત થયું છે.

→ આદરણીય નરેન્દ્રભાઈએ જ્યારે વર્ષ 2002માં રાજ્યની ધૂરા સંભાળી ત્યારે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ફકત સવા લાખ કરોડ હતું. અમારી સરકારોના પ્રામાણિક અને પરિણામલક્ષી વહીવટ તેમજ અવિરત પ્રયત્નોથી બે દશક પછી રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન વીસ લાખ કરોડને વટાવી ચૂકયું છે. રાજ્યના નાગરિકોની માથાદીઠ આવકમાં પણ ઘરખમ વધારો થઈ વીસ વર્ષ પછી માથાદીઠ આવક રૂા. 19,823 થી વધીને રૂા. 2,14,809 સુધી પહોંચી છે. તેમજ ભારત સરકારના ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે. રેશનકાર્ડ, જન્મ–મૃત્યુના પ્રમાણપત્ર, આવકના દાખલા, મહેસૂલી દસ્તાવેજ જેવી 280 સેવાઓને અમારી સરકારે ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે પહોંચાડેલ છે. સરકારી યોજનાઓનો લાભ લેવા રજૂ કરવાના થતા આવકના દાખલાની મુદ્દત ત્રણ વર્ષ સુધી વધારેલ છે. સ્ટેમ્પ પેપર ઉપર કરવાના થતા એફિડેવિટની જગ્યાએ સેલ્ફ ડેકલેરેશનને માન્યતા આપી અમે વહીવટી સરળતાની દિશામાં અગત્યનું પગલું ભર્યું છે.

→ ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે તે માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. ડાંગ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો પ્રથમ જિલ્લો બનેલ છે.

→ ગૌવંશ પ્રત્યે અમારી સરકારના આ સંકલ્પને પરિપૂર્ણ કરવા ગૌશાળા અને પાંજરાપોળમાં નિભાવ અને જાળવણી માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની, હું જાહેરાત કરું છું. આ યોજના માટે આગામી વર્ષે રૂા. 500 કરોડની જોગવાઈ કરેલ છે.

→ ઉત્તમ અને ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશ્વબેન્કના સહયોગથી રૂા. 10 હજાર કરોડ જેવી માતબર રકમનાં ખર્ચે સ્કૂલ્સ ઓફ એકસેલન્સ પ્રોજેકટ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

→ કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમજ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ માઈક્રો–ન્યુટ્રીએન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતા પાંચ વર્ષમાં રૂા. 4 હજાર કરોડના ખર્ચે અમલી થનાર સુપોષિત માતા–સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને 1000 દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવાની હું જાહેરાત કરું છું.

→ દેશના આયાત–નિકાસમાં ગુજરાત 22 ટકા ફાળા સાથે આજે સર્વોચ્ચ સ્થાને છે. આમ, ગુજરાત દેશ માટે વૈશ્વિક વ્યાપારનું ગેટ–વે બનેલ છે.

→ હાલમાં વિદેશોમાં થતાં સોના–ચાંદીના સોદાઓની સુવિધા દેશમાં જ મળી રહે તે હેતુથી ગોલ્ડ–સિલ્વર ટ્રેડીંગ માટે દેશનું પહેલું બુલીયન માર્કેટ ગુજરાતની ગિફ્ટ સિટીમાં શરૂ થનાર છે.

→ સુયોજિત પરિવહન માળખાના કારણે માલસામાનની સરળતાથી હેરફેર અંગેના કેન્દ્ર સરકારના લોજિસ્ટીક ઈન્ડેક્ષ (LEADS) માં ગુજરાત સતત ત્રીજા વર્ષે પણ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવેલ છે. રાજ્યના સર્વગ્રાહી વિકાસ અને અમારા લોકાભિમુખ સુશાસનની ફળશ્રુતિના સ્વરૂપે વર્ષ 2020-21 માં દેશનું સૌથી વધુ રૂા. 1 લાખ 63 હજાર કરોડનું વિદેશી મૂડી રોકાણ (FDI) ગુજરાતમાં આવેલ છે. જે દેશના કુલ રોકાણના 37 ટકા જેટલું થાય છે, જે સાબિત કરે છે કે ગુજરાત હંમેશા બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્મેન્ટ છે. જ્યારે મોટા પ્રમાણમાં મૂડી રોકાણ થકી ગુજરાતમાં રોજગારીની નવી તકોનું સર્જન થઈ રહ્યું છે ત્યારે રાજ્યના યુવાનો વધુ કૌશલ્ય મેળવી સુસજ્જતા સાથે તેનો લાભ મેળવી શકે તે હેતુથી અમારી સરકારે કૌશલ્યા–ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરેલ છે.

→ ગુજરાતના યુવાનો સ્ટાર્ટઅપની સાથે તાલ મેળવી શકે તે હેતુથી અમારી સરકારે યુવાનોને આર્થિક મદદ કરતી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0 જાહેર કરેલ છે.

→ બાયોપ્લાસ્ટિકથી લઈને જિન સ્પ્લાઈસીંગ અને સ્ટેમ સેલ થેરાપી જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે સરકારે બાયોટેકનોલોજી નીતિની જાહેરાત કરેલ છે. આ નીતિઓથી આઈ.ટી. અને બી.ટી. એકસ્પોર્ટમાં ઘરખમ વધારો થવાથી રાજ્યમાં 2 લાખ કરતા વધુ નવી રોજગારીની તકોનું નિર્માણ થશે.

→ ઉત્તમ અને પરિમાણલક્ષી વહીવટ માટે સારું નાણાકીય વ્યવસ્થાપન અનિવાર્ય છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. છેલ્લા બે દશકમાં ગુજરાતે ઉત્તરોત્તર વૃદ્ધિ સાથેનું બજેટ રજૂ કરી વિકાસ કાર્યો માટે કયારેય પણ ઓવરડ્રાફટ લીધા વગર નાણાંની ફાળવણી કરી છે. કોરોનાની મહામારીના કારણે અર્થવ્યવસ્થા પર આવી પડેલ સંકટમાંથી બહાર નીકળી રાજ્ય આ વર્ષે જી.એસ.ડી.પી.માં 13 ટકા જેવો ડબલ ડિજિટ વૃદ્ધિ દર મેળવશે તેવી ધારણા છે.

→ સદીની સૌથી ભયાનક મહામારીના કારણે ઉદ્‌ભવેલ આર્થિક સંકટ વચ્ચે પણ નાણાકીય જોગવાઈઓમાં વધારો કરીને વિકાસને વેગ આપતું તેમજ સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતું વર્ષ 2022-23નું રૂા. 2,43,965 કરોડનું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂ કરું છું. જે અત્યાર સુધી ગુજરાતનું સૌથી મોટું બજેટ છે. જે ગત વર્ષના બજેટ કરતાં રૂા. 16,937 કરોડનો નોંધપાત્ર વધારો કર્યો છે.

## ભાગ–A

### (1) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર :

→ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂા. 7737 કરોડની જોગવાઈ કરી. કૃષિ ક્ષેત્રે નવતર પ્રયોગો અને આધુનિક ટેકનોલોજી દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવાની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી છે.

→ ખેડૂત કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂા. 6 હજાર સહાય આપવાની યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતનાં આશરે 61 લાખ જેટલા ખેડૂત ખાતેદારોને સીધેસીધા તેમના બેન્ક ખાતામાં રૂા. 10,000 કરોડ પ્રાપ્ત થયેલ છે.

→ ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા રૂા. 8000 300 કરોડ જેવી માતબર રકમની સબસીડી આપવામાં આવે છે. વીજ જોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલા નિકાલ કરી ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવશે.

→ પાક કૃષિ વ્યવસ્થાથી વિવિધ યોજનાઓ માટે જોગવાઈ રૂા. 2310 કરોડ :

⇒ કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેકટર તેમજ વિવિધ ફાર્મ મશીનરીની ખરીદીમાં સહાય આપવા રૂા. 260 કરોડની જોગવાઈ.

⇒ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેકટ માટે રૂા. 231 કરોડની જોગવાઈ. (RKVY)

⇒ સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ માટે રૂા. 213 કરોડની જોગવાઈ.

→ મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે રૂા. 142 કરોડની જોગવાઈ.

→ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે 'ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ'ની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે તે માટે રૂા. 100 કરોડની જોગવાઈ.

→ સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અંતર્ગત એગ્રો અને ફુડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા રૂા. 100 કરોડની જોગવાઈ.

→ ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત રૂા. 81 કરોડ ની જોગવાઈ.

→ ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે એક ડ્રમ તથા પ્લાસ્ટિકના બે ટોકર વિના મૂલ્યે આપવા માટે રૂા. 54 કરોડની જોગવાઈ.

→ ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ઉત્પાદન વધારવા અને કૃષિ ઈનપુટનો ખર્ચ ઘટાડવા રૂા. 35 કરોડની જોગવાઈ.

→ ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુકત ખેતી માટે પ્રોત્સાહિત કરવા રૂા. 32 કરોડની જોગવાઈ.

→ વન્યપ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલાર પાવર ફેન્સીંગમાં સહાય માટે રૂા. 20 કરોડની જોગવાઈ.

→ ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરુ પાડવા ખાતર સંગ્રહ માટે રૂા. 17 કરોડની જોગવાઈ.

→ કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે માલવાહક વાહનની ખરીદી ઉપર સહાય આપવા રૂા. 15 કરોડની જોગવાઈ.

→ રાજ્યના સ્થાનિક ઉત્પાદકો દ્વારા વિકસાવવામાં આવેલ કૃષિ સાધન સનેડોના ઉપયોગને સહાય આપી પ્રોત્સાહિત કરવા રૂા. 10 કરોડની જોગવાઈ.

→ બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂા. 369 કરોડની જોગવાઈ.

→ કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે જોગવાઈ રૂા. 10 કરોડ.

→ મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના 10 હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા જોગવાઈ.

→ કોમ્પ્રિહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ જોગવાઈ.

→ અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોના સેન્ટર ઓફ એકસેલન્સ ઊભા કરવા માટે રૂા. 7 કરોડની જોગવાઈ.

→ કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા રૂા. 757 કરોડની જોગવાઈ.

→ પશુપાલકોને ટૂંકી મુદ્દતના ધિરાણ પર વ્યાજ રાહત માટે જોગવાઈ.

→ ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે નવી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરૂ થશે. જે અંતર્ગત રૂા. 500 કરોડની જોગવાઈ.

→ ગ્રામ્ય વિસ્તારમાં રખડતા તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઈ.

→ ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય પૂરી પાડવા જોગવાઈ.

→ ફરતા પશુ દવાખાનાની સેવાઓ ચાલુ રાખવા તેમજ સઘન બનાવવા માટે જોગવાઈ.

→ ગાભણ તેમજ વિયાણ બાદના પશુઓ માટે ખાણદાણ સહાય યોજના થકી પશુપાલકોને લાભ આપવા માટે જોગવાઈ.

→ મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે જોગવાઈ.

→ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ગોડાઉન બાંધકામ માટે જોગવાઈ.

→ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ–1962 માટે રૂા. 8 કરોડની જોગવાઈ.

→ કામધેનુ યુનિવર્સિટીના સંચાલન તેમજ કૃષિ સંશોધનના કાર્યક્રમોને વેગ આપવા માટે રૂા. 137 કરોડની જોગવાઈ.

→ મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે રૂા. 880 કરોડની જોગવાઈ.

→ માછીમારોને મળતા રાહત દરના ડીઝલની મર્યાદામાં દરેક સ્તર પર 2000 લીટરનો વધારો કરવાના સરકારના નિર્ણયની હું જાહેરાત કરું છું. સાગરખેડુઓને હાઈસ્પીડ ડિઝલ વેટ રાહત યોજના માટે જોગવાઈ.

→ સાગરખેડુઓને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઈ.

→ પાંચ બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ–2, માઢવાડ, પોરબંદર–2 અને સુત્રાપાડાના વિકાસ તેમજ મત્સ્યોદ્યોગ કેન્દ્રોના નિર્માણની યોજના હેઠળ જોગવાઈ.

→ સાગરખેડુઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા માટેની યોજનાઓ માટે જોગવાઈ.

→ હાલના બંદરોના રખરખાવ અને મૂળભૂત સુવિધાઓને સુદ્રઢ બનાવવા તથા ચોરવાડ અને ઉમરસાડી ખાતે ફ્લોટીંગ જેટીની સુવિધા પૂરી પાડવા માટે જોગવાઈ.

→ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે જોગવાઈ.

→ આંતરદેશીય મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ લાભાર્થીઓને સાધન સહાય માટે જોગવાઈ.

→ ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઝીંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવા જુદી જુદી યોજનાઓ માટે જોગવાઈ.

→ ખેડૂતોને ખરીફ, રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ રાહતની યોજના માટે રૂા. 1250 કરોડની જોગવાઈ.

→ કૃષિ બજાર વ્યવસ્થાના સંચાલન તેમજ સુદ્રઢીકરણ માટે જોગવાઈ.

→ સહકારી ખાંડ મીલોને પુનઃ કાર્યાન્વિત કરવા લોન પેટે રૂા. 10 કરોડની જોગવાઈ.

→ ખાંડ સહકારી મંડળીઓને ટૂંકા તેમજ લાંબા ગાળાની વ્યાજ રાહત માટે રૂા.13 કરોડની જોગવાઈ.

→ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં હમાલોને માલસામાનની હેરફેર માટે ટ્રોલી ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ.

**(2) જળસંપત્તિ :**

→ જળસંપત્તિ વિભાગ માટે રૂા. 5339 કરોડની જોગવાઈ.

→ રાજ્યની જીવાદોરી સમી સરદાર સરોવર યોજનાનું કામ મહદંશે પૂર્ણ થતા 69 લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઈ સમગ્ર રાજ્યને જળ સુરક્ષાનું કવચ મળેલ છે. પર ડ્રોપ મોર ક્રોપના સિદ્ધાંતને ધ્યાને લઈ જળ સંસાધનોના અસરકારક વપરાશ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

→ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજનાના 1371 કિલોમીટર લંબાઈના 24 પેકેજની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે 1150 કિલોમીટર પાઈપલાઈનના 7 પેકેજોના કામો પ્રગતિ હેઠળ છે. આ કામગીરીથી 53 જળાશયો, 130 જેટલા તળાવો અને 800 કરતાં વધુ ચેકડેમોમાં મા નર્મદાના પાવન નીર વહેવડાવવામાં આવેલ છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર જેવા શહેરોને પીવાનું પાણી પૂરુ પાડતા જળાશયોને નર્મદા યોજનાના પાણીથી ભરાતા આ શહેરોની પાણીની સમસ્યાનો મહદંશે ઉકેલ આવેલ છે. આ યોજના માટે રૂા. 710 કરોડની જોગવાઈ.

→ કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના 1 મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઈ સુવિધાઓના આયોજન માટે રૂા. 4369 કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છ જિલ્લાના 6 તાલુકાના અંદાજે 1 લાખ 14 હજાર હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ યોજના માટે રૂા. 272 કરોડની જોગવાઈ.

→ કચ્છમાં આગામી પાંચ વર્ષમાં રૂા. 350 કરોડના ખર્ચે મોટા ચેકડેમો અને પાણી સંગ્રહ માટેના હાઈડ્રોલીક સ્ટ્રકચરો તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ.

→ સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા આધારિત રૂા. 1600 કરોડની કસરા–દાંતીવાડા પાઈપલાઈનની કામગીરી થકી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા જોગવાઈ.

→ બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા પ્રગતિ હેઠળની થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈન માટે જોગવાઈ.

→ વાત્રક નદીમાંથી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓના 72 તળાવો થકી સિંચાઈનો લાભ આપવા માટે રૂા. 186 કરોડની યોજના અને શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદવહન કરી ભિલોડા તથા મેઘરજ તાલુકાના 30 તળાવોથી સિંચાઈનો લાભ આપવા માટે રૂા. 75 કરોડની યોજના. બંને યોજના માટે કુલ રૂા. 45 કરોડની જોગવાઈ.

→ સાબરમતી નદી પર રૂા. 200 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ હીરપુરા અને વલાસણા બેરેજ માટે જોગવાઈ.

→ ધરોઈ બંધ પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવવા રૂા. 200 કરોડના આયોજન હેઠળ બેરેજ બનાવવા માટે જોગવાઈ.

→ કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, મહુધા, ગળતેશ્વર, બાલાસિનોર, લુણાવાડા, બાયડ વગેરે તાલુકાઓમાં આગામી પાંચ વર્ષમાં રૂા. 200 કરોડની કિંમતની રિચાર્જવેલ, પાણીના સ્ત્રોતો સાથે નેટવર્કીંગ, તળાવોની કેપેસીટી વધારવી વગેરે કામગીરીઓ તબક્કાવાર કરવાનું આયોજન છે. આ માટે રૂા. 14 કરોડની જોગવાઈ.

→ અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના સાણંદ, બાવળા અને વિરમગામ તાલુકાના સિંચાઈ સુવિધાથી વંચિત રહેલ ગામોને સિંચાઈનો લાભ આપવા માટે જોગવાઈ.

→ ખોરસમ – માતપુર – ડીંડરોલ પાઈપલાઈનને લંબાવી મુકતેશ્વર જળાશયમાં નર્મદાના પૂરના વધારાના પાણી પહોંચાડવાની કામગીરી માટે જોગવાઈ.

→ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સિંચાઈ સુવિધા અને રિચાર્જિંગ માટે રૂા. 308 કરોડની પોઈચા વિયરની કામગીરી માટે રૂા. 15 કરોડની જોગવાઈ.

→ કડાણા નહેર આધારિત પાઈપલાઈન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની યોજનાના કામો માટે રૂા. 10 કરોડની જોગવાઈ.

→ સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કુલ 73 ગામોમાં સિંચાઈ સુવિધાનો લાભ આપવા માટે પ્રગતિ હેઠળની રૂા. 711 કરોડની તાપી–કરજણ લીંક પાઈપલાઈન યોજનાના કામો માટે રૂા. 161 કરોડની જોગવાઈ.

→ પંચમહાલ જિલ્લામાં પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ / જળાશય આધારીત સિંચાઈ સુવિધા આપવા માટે રૂા. 452 કરોડની કામગીરી માટે રૂા. 160 કરોડની જોગવાઈ.

→ દક્ષિણ ગુજરાતમાં પાર, નાર, તાન, અંબિકા, દમણગંગા વગેરે નદીઓ ઉપર મોટા ચેકડેમો / બેરેજો / વિયર રૂા. 500 કરોડના ખર્ચે આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ.

- → હાથ ધરાયેલ ઉદવહન સિંચાઈ યોજનાઓ સોનગઢ–ઉચ્છલ–નિજર, કાકરાપાર–ગોરધા–વડ, કરજણ જળાશય આધારીત પાઈપલાઈનો પૂર્ણ કરી સિંચાઈ વિતરણ વ્યવસ્થા માટે જોગવાઈ.
- → કડાણા–દાહોદ પાઈપલાઈનનું વિસ્તૃતિકરણ કરી સિંચાઈ સુવિધામાં વધારો કરવા માટે
- → પાનમ જળાશય આધારીત વાંકડી ગામ પાસેથી સંતરામપુર તાલુકાના ગામોના તળાવો ભરવા માટે રૂા. 133 કરોડની ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત 23 ગામોને લાભ આપવા માટે જોગવાઈ.
- → મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના જુદા જુદા 11 ગામોના આશરે 1600 હેકટર વિસ્તારને સિંચાઈ સુવિધા આપવા માટે રૂા. 84 કરોડની યોજના માટે જોગવાઈ.
- → નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગામોને સિંચાઈનો લાભ આપવા, બિલિમોરા નગરપાલિકા અને આજુબાજુના ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા, દરિયાઈ ખારાશ આગળ વધતી અટકાવવા તેમજ ભૂગર્ભ જળ રિચાર્જ કરવા રૂા. 250 કરોડની વાઘરેજ રિચાર્જ યોજનાનું આયોજન.
- → પૂર્ણા નદી ઉપર વિરાવળ–કસ્બાપર ગામ પાસે ટાઈડલ રેગ્યુલેટરના બાંધકામ માટે રૂા. 250 કરોડની યોજનાનું આયોજન.
- → કર્લી રિચાર્જ જળાશય વિસ્તારને પર્યાવરણીય સ્થળ તરીકે વિકાસ કરવા તેમજ ક્ષાર પ્રવેશ નિયંત્રણની કામગીરીને સુદ્રઢ કરવા જોગવાઈ.
- → કચ્છમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ જળસંગ્રહ કરવાના હેતુસર બંધારાની કામગીરી માટે જોગવાઈ.
- → નર્મદા નદી ઉપર રૂા. 5322 કરોડના ખર્ચે મીઠા પાણીનું સરોવર બનાવવાની મહત્વાકાંક્ષી ભાડભૂત બેરેજ યોજનાનું કામ ચાલુ છે. આ યોજના માટે રૂા. 1240 કરોડની જોગવાઈ.
- → નર્મદા યોજના માટે રૂા. 6090 કરોડની જોગવાઈ. સરદાર સરોવર ડેમનું બાંધકામ વર્ષ 2017માં પૂર્ણ થયેલ છે. આ યોજનાના પાણીનો સિંચાઈ, જળવિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે. આગામી વર્ષે કચ્છ બ્રાન્ચ કેનાલ અને તેના આનુષંગિક નેટવર્કનું કામ પૂર્ણ કરી માંડવી તાલુકા સુધી નર્મદાના નીર પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાની હયાત કેનાલોના સુદ્રઢીકરણ અને સૌરાષ્ટ્રમાં મીસીંગ લીંક પૂર્ણ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવેલ છે.
- → ગુજરાતે સૂક્ષ્મ સિંચાઈના ક્ષેત્રે પહેલ કરી નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. આ પદ્ધતિથી પાણીના કરકસરભર્યા વપરાશ સાથે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. છેલ્લા બે દશકમાં અંદાજે 21 લાખ હેકટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ પ્રસ્તાપિત કરી 13 લાખ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. આગામી વર્ષમાં વધુ 1 લાખ હેકટરમાં આ યોજનાનો વ્યાપ વધારવા માટે જોગવાઈ.

**(3) પાણી પુરવઠા :**

- → પાણી પુરવઠા વિભાગ માટે રૂા. 5451 કરોડની જોગવાઈ.
- → ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા રાજ્યવ્યાપી પાણી પુરવઠાગ્રીડનું નિર્માણ કરવામાં આવેલ છે, જેનાથી 238 શહેરો અને 14 હજારથી વધુ ગામોને જોડવામાં આવેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મૂકેલ નલ સે જલ યોજના દ્વારા 93 ટકાથી વધુ ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ મેળવેલ છે. શહેરી વિસ્તારોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને ગટરનાં પાણીને શુદ્ધ કરીને તેને પુનઃ ઉપયોગમાં લઈ, પર્યાવરણની જાળવણી અને પાણીના સ્ત્રોતોનો યોગ્ય ઉપયોગ કરવાની દિશામાં સરકાર અગ્રેસર છે.
- → જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ યોજના દ્વારા દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા કેન્દ્ર સરકારના રૂા. 2500 કરોડ અને રાજ્ય સરકારના રૂા. 3040 કરોડ સહિત કુલ રૂા. 5540 કરોડનું આયોજન.
- → આદિજાતિ વિસ્તારના 6627 ગામ–ફળીયાને પીવાના પાણીની સુવિધા આપવા પ્રગતિ હેઠળની રૂા. 6653 કરોડની જૂથ પાણી પુરવઠા યોજના હેઠળના 123 કામો માટે જોગવાઈ.
- → સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદ્રઢ કરવા નાવડા–બોટાદ–ગઢડા–ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની 143 કિલોમીટર બલ્ક પાઈપલાઈનના અંદાજિત રૂા. 1020 કરોડના કામો પ્રગતિ હેઠળ છે. જે માટે રૂા. 310 કરોડની જોગવાઈ.
- → ભાવનગર, ગીર–સોમનાથ, અમરેલી, બોટાદ, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાઓને પાણી પૂરું પાડવા ઢાંકીથી નાવડા સુધીની 97 કિલોમીટર 500 એમ.એલ.ડી ક્ષમતાની નવી બલ્ક પાઈપલાઈનનું આયોજન કરેલ છે જેની અંદાજિત કિંમત રૂા. 1044 કરોડ છે. જેનાથી આ યોજનામાં સમાવિષ્ટ જિલ્લાઓ માટે 50 કરોડ લીટર પાણીનો વધારાનો જથ્થો ઉપલબ્ધ થશે. આ કામ માટે રૂા. 500 કરોડની જોગવાઈ.
- → સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ 27 કરોડ લીટર (270 એમ.એલ.ડી.) ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાના કામો માટે જોગવાઈ.
- → રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત શહેરી વિસ્તારોનાં સુએઝ વોટરને ટ્રીટ કરી તેના પુનઃ ઉપયોગ માટે રૂા. 100 કરોડની જોગવાઈ.

**(4) આરોગ્ય અને પરિવાર કલ્યાણ :**

- → આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂા. 12,240 કરોડની જોગવાઈ.
- → કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરીપેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા રૂા. 45 કરોડની જોગવાઈ.
- → કિશોરીઓમાં આયર્ન તત્વની ઊણપના કારણે એનીમીયાનું પ્રમાણ જોવા મળે છે. આવનાર સમયમાં માતૃત્વ ધારણ કરનાર આ કિશોરીઓમાં હિમોગ્લોબીનનું મોનીટરીંગ કરવા તેમજ આયર્ન તત્વની ઊણપ દૂર કરવા તેમને આયર્ન સુક્રોઝના ઈન્જેકશન આપવાની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઈ.
- → બાળકોને સઘન પોષણ આપવા બાલ–અમૃત પોષણ યોજના હેઠળ જોગવાઈ.
- → નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા 90 ખિલખિલાટ વાહનો ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ.
- → સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે જોગવાઈ.



Banking Academy

→ શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય સેવાઓ વધારે સુદ્રઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે. આ વિસ્તારોમાં આયોજન મુજબ બાકી રહેતી તમામ સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવશે. વધુમાં આ કેન્દ્રો પર આરોગ્ય કર્મીઓની 1238 નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે, જે માટે જોગવાઈ.

→ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના – મુખ્યમંત્રી અમૃતમ(મા) યોજનામાં રાજ્યના 80 લાખ કરતા વધુ કુટુંબોને રૂા. 5 લાખ સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયેલ છે. આ યોજના માટે જોગવાઈ કરી છે.

→ 15મા નાણાપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકીય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં રૂા. 3341 કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે રૂા. 629 કરોડની જોગવાઈ.

→ સીંગરવા (અમદાવાદ) અને ડીસા (બનાસકાંઠા)ની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે રૂા. 36 કરોડના આયોજન પૈકી રૂા. 8 કરોડની જોગવાઈ.

→ વાપીમાં 100 બેડની નવી સબ–ડિસ્ટ્રીકટ હોસ્પિટલ બનાવવામાં આવશે.

→ ઊંઝા સબ–ડિસ્ટ્રીકટ હોસ્પિટલને અપગ્રેડ કરી 100 બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે.

→ આરોગ્ય સંસ્થાઓ ખાતે ટેલી–રેડિયોલોજી, ટેલી–આઈ.સી.યુ., ટેલી–મેડિસીન અને ટેલી મેન્ટલ હેલ્થની સેવાઓ માટે જોગવાઈ.

→ એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી 100 એમ્બ્યુલન્સ વાન અને 10 મોબાઈલ સંજીવની વાન પૂરી પાડવા માટે જોગવાઈ.

→ ટેલી–મેડિસીન કન્સલ્ટેશન અંતર્ગત 60 વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠા લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ કલેકશન યોજના માટે જોગવાઈ.

→ છોટા ઉદેપુર અને કચ્છ જિલ્લામાં આવેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને 24 × 7 ચાલુ રાખી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા જોગવાઈ.

→ દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે મોટર સાઈકલ આધારિત 50 મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા જોગવાઈ.

→ તબીબી શિક્ષણનો વ્યાપ વધારી વધુ ડોકટર્સ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં 31 મેડીકલ કોલેજ કાર્યરત છે. જેમાં 5700 એમ.બી.બી.એસ.ની અને 2000 પી.જી.ની સીટો ઉપલબ્ધ છે. હાલ બીજી મેડીકલ કોલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બોટાદ, જામખંભાળીયા અને વેરાવળ ખાતે નવી મેડીકલ કોલેજો શરૂ કરવામાં આવશે.

→ નાગરિકોને ઉચ્ચકક્ષાની આરોગ્યલક્ષી સેવાઓ આપવાના માસ્ટરપ્લાન પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર તથા ભાવનગરની સરકારી મેડીકલ કોલેજોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા તેમજ આધુનિકીકરણ માટે રૂા. 106 કરોડની જોગવાઈ.

→ દર્દીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે એસ.એસ.જી. હોસ્પિટલનું આધુનિકીકરણ કરી તેમાં સ્પાઈન, કીડની અને આંખોના રોગોની ઘનિષ્ઠ સારવાર માટે રૂા. 200 કરોડના આયોજન પૈકી રૂા. 30 કરોડની જોગવાઈ.

→ દર્દીઓને હૃદય રોગ સંબંધિત બિમારીઓની સારવાર અને અનસુયા ગ્રાઉન્ડ, વડોદરા ખાતે અત્યાધુનિક કાર્ડીએક કેથ લેબ અને હોસ્પિટલની સ્થાપના કરવા માટે રૂા. 150 કરોડના આયોજન પૈકી જોગવાઈ.

→ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં 900 બેડની સુવિધા સાથે નવીનીકરણ માટે રૂા. 450 કરોડના આયોજન પૈકી જોગવાઈ.

→ સુરત સિવિલ હોસ્પિટલમાં નવા ઓપીડી બિલ્ડીંગ તેમજ હયાત સુવિધાઓનાં વિસ્તૃતિકરણ માટે રૂા. 150 કરોડનાં આયોજન પૈકી જોગવાઈ.

→ પાંચ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને પેટા જિલ્લાકક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા રૂા. 100 કરોડના આયોજન પૈકી જોગવાઈ.

→ મેડિકલ કોલેજોનાં વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે જોગવાઈ.

**(5) મહિલા અને બાળ વિકાસ :**

→ મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂા. 4976 કરોડની જોગવાઈ.

→ મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને પોષણની જરૂરિયાતને ધ્યાને રાખીને સરકારે આંગણવાડી તેમજ અન્ય પાયાને સ્પર્શતી યોજનાઓ અમલમાં મૂકેલ છે. આ યોજનાઓ દ્વારા તેમના જીવનચક્રના બધા જ તબક્કાઓ ઉપર ભાર મૂકી સંતુલિત, શારીરિક અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરવાની સરકારની નેમ છે. આ વર્ગની મહત્તા જોતા, હું ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઈમાં 42 ટકા જેટલો ઘરખમ વધારો ગૃહ સમક્ષ રજૂ કરું છું.

→ સગર્ભા, ધાત્રી માતા અને બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે સુપોષિત માતા–સ્વસ્થ બાળ યોજના હેઠળ કુટુંબને 1 હજાર દિવસ સુધી દર મહિને 1 કિલો તુવરદાળ, 2 કિલો ચણા અને 1 લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા માટે આગામી વર્ષ માટે રૂા. 811 કરોડની જોગવાઈ.

→ આંગણવાડી કાર્યક્રમમાં બાળકોનાં પોષણ, પૂર્વ શિક્ષણ અને અન્ય સવલતો માટે જોગવાઈ.

→ 3 થી 6 વર્ષના બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા–ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરું પાડવા જોગવાઈ.

→ ગંગા સ્વરૂપા બહેનોને મદદરૂપ થવા સરકારે આર્થિક સહાય આપવા માટેનાં ધોરણો ઉદાર કર્યા છે. જેથી ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ બહેનોની સંખ્યા 1.5 લાખથી વધી આજે 11 લાખ સુધી પહોંચેલ છે. આ યોજના અંતર્ગત સહાય આપવા જોગવાઈ રૂા. 917 કરોડ કરી છે.

→ 11 થી 18 વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપતી પૂર્ણા યોજના માટે જોગવાઈ.

→ આદિજાતિ વિસ્તારના 10 તાલુકાઓમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ આપતી પોષણ સુધા યોજના અમલમાં છે. આ યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ વસતીનું બાહલ્ય ધરાવતા 72 તાલુકામાં આ યોજના વિસ્તારવાની અને પ્રતિ વ્યકિત થતા ખર્ચમાં 50 ટકા જેટલો વધારો કરવાની હું જાહેરાત કરું છું. આ યોજના માટે જોગવાઈ.

→ વ્હાલી દીકરી યોજના અંતર્ગત 1 લાખ જેટલી દીકરીઓને જીવનના વિવિધ તબક્કે રૂા. 1 લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઈ.સી.ને પ્રીમિયમ આપવા માટે જોગવાઈ.

→ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટે જોગવાઈ.

→ નારીગૃહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ ત્યાં રહેતી બહેનોને રોજગારલક્ષી સગવડો પૂરી પાડવા આ ગૃહોને સી.સી.ટી.વી. તથા ઈન્ટરનેટથી જોડવા માટે જોગવાઈ.

**(6) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો :**

→ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ રૂા. 1526 કરોડની જોગવાઈ.

→ રાજ્યના દરેક કુટુંબની અન્ન સલામતી સુનિશ્ચિત કરવી અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ 70 લાખ કુટુંબોને રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્ય વસ્તુઓ પૂરી પાડવી એ અમારી સરકારની પ્રાથમિકતા છે. દરેક કુટુંબ દ્વારા ઉપાડવામાં આવેલ જથ્થાની વિગતો માય રેશન મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન કરી ડિજિટાઈઝેશનના માધ્યમથી જાહેર વિતરણ વ્યવસ્થામાં સરળતા અને પારદર્શિતા લાવવાનો પ્રયત્ન રાજ્ય સરકારે કરેલ છે. આ પ્રક્રિયાને વધુ વેગ આપી રાજ્યની તમામ વાજબી ભાવની દુકાનોમાં ઈલેકટ્રોનિક વજનકાંટા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઈમાં 24 ટકા જેટલો માતબર વધારો, હું ગૃહ સમક્ષ રજૂ કરું છું.

→ જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત NFSA કુટુંબોને અન્ન વિતરણ કરવા માટેની જોગવાઈ
જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત NFSA હેઠળ નોંધાયેલ કુટુંબોના ભોજનમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા તુવેરદાળ વિતરણ કરવાની યોજના સરકારે શરૂ કરેલ છે. તુવેરદાળ ઉપર પ્રતિ કિલો રૂા. 20 ની સહાય આપવામાં આવતી હતી જેના કારણે બજારભાવમાં થતા વધારાને કારણે લાભાર્થીને મળનાર ભાવમાં ફેરફાર જોવા મળતો હતો. સબસીડીની રકમ રૂા. 40 થી વધુ કરી આ યોજના હેઠળ રૂા. 50 પ્રતિ કિલોના ફિક્સ ભાવે તુવેરદાળ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. વધારાની સબસીડી સાથે આ યોજના માટે જોગવાઈ.

→ જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત NFSA કુટુંબોને ખાદ્યતેલ વિતરણ કરવા માટે જોગવાઈ
તંદુરસ્તી માટે સૂક્ષ્મ પોષક તત્વોનો સમાવેશ રોજિંદા ભોજનમાં થાય તે જરૂરી છે. રાજ્યમાં હાલમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સીંગલ ફોર્ટીફાઈડ આયોડીનયુકત મીઠું આપવામાં આવેલ છે. હવે આયોડીન ઉપરાંત આર્યન ફોર્ટીફિકેશન કરવામાં આવેલ ડબલ ફોર્ટીફાઈડ મીઠું તમામ 70 લાખ NFSA કુટુંબોને દર માસે ફકત રૂા. 1 પ્રતિ કિલોના ભાવે આપવામાં આવશે જે માટે જોગવાઈ.
50 વિકાસશીલ તાલુકામાં આવેલ NFSA લાભાર્થીઓના ભોજનમાં કઠોળનો વપરાશ વધારવા માટે દર માસે કુટુંબદીઠ તુવેરદાળ ઉપરાંત એક કિલો ચણાનું વિતરણ રૂા. 30 પ્રતિ કિલોના ફિક્સ ભાવે કરવા માટે જોગવાઈ.
ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ.

**(7) શિક્ષણ :**

→ શિક્ષણ વિભાગ માટે કુલ રૂા. 34,884 કરોડની જોગવાઈ.

विद्याधनं सर्व धनं प्रधानम् ।

સર્વ ધનમાં વિદ્યાધન મુખ્ય છે.

→ આપણી સંસ્કૃતિ જ્ઞાનની ઉપાસનાને વરેલી છે. માળખાગત તેમજ ગુણવત્તાલક્ષી પ્રયોગો દ્વારા શૈક્ષણિક સ્તરને ઉચ્ચ કક્ષાએ લઈ જવા અમારી સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ બાળકો અને યુવાનોના સશકિતકરણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. આ નીતિમાં સંશોધન અને સર્જનાત્મકતા (ઈનોવેશન), કૌશલ્ય નિર્માણ અને રોજગારી પર ભાર મૂકવામાં આવેલ છે. લિંગ સમાનતા અને શાળામાં નામાંકન સુનિશ્ચિત કરીને ગુણવત્તાયુકત શિક્ષણ માટેની દિશા નક્કી કરવામાં આવેલ છે. આ નીતિમાં આઈ.સી.ટી.–સક્ષમતા, સ્માર્ટ કલાસરૂમ, ડિજિટલ લર્નિંગ, માળખાકીય સુવિધાઓ અને લેબોરેટરીઓ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

→ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ –

⇒ મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ યોજના હેઠળ રાજ્યની જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પદ્ધતિમાં સુધારઓ માટે જોગવાઈ.

⇒ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓમાં તેમજ નવા ઓરડાઓના નિર્માણ માટેનું સઘન અભિયાન સરકારે હાથ ધર્યું છે હાલમાં અઢી હજાર ઓરડાઓનું કામ પ્રગતિ હેઠળ છે અને આગામી વર્ષે 10 હજાર નવા ઓરડાઓના નિર્માણનું લક્ષ્યાંક રાખેલ છે. આ માટે જોગવાઈ કરવામાં આવી.

⇒ આઝાદીના અમૃત મહોત્સવના અવસરે ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુકત શિક્ષણ નિવાસી ધોરણે આપી શકાય તે માટે 50 જ્ઞાન શકિત રેસિડેનીશયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી 1 લાખ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું નક્કી કરેલ છે. આ યોજના અંતર્ગત આગામી વર્ષ માટે રૂા. 90 કરોડની જોગવાઈ.

⇒ સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરને નવતર સુવિધાઓથી સુસજ્જ બનાવવા અને તેમાં રાજ્યની સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો તેમને શિક્ષણ અને અન્ય તમામ સેવાઓ વિના મૂલ્યે મળે તે માટે રૂા. 28 કરોડની જોગવાઈ.

⇒ દૂધસંજીવની યોજનાનો વ્યાપ વધારી જાંબુઘોડા અને મારવા–હડક તાલુકાનો સમાવેશ કરવામાં આવશે. અંદાજે 50 લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજનાઓ અને સુખડી યોજનાનો લાભ આપવા માટેની જોગવાઈ.

⇒ રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે જોગવાઈ.

⇒ અંદાજે 11 લાખ વિદ્યાર્થીઓને એસ.ટી.બસ. ફ્રી પાસ કન્સેશન માટે જોગવાઈ.

⇒ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત જોગવાઈ.

⇒ છેવાડાના તથા અંતરિયાળ વિસ્તારોમાં 245 કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરતી 27 હજાર જેટલી બાળાઓ માટે મફત રહેવા તથા ભોજનની વ્યવસ્થા માટે જોગવાઈ.

⇒ ઘરથી શાળાનું અંતર એક કિલોમીટર થી વધુ હોય તેવા 2 લાખ 30 હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાના બાળકોને શાળાએ લાવવા–લઈ જવા માટે જોગવાઈ.

⇒ શાળા બહારના બાળકોને શાળા સુધી લાવવાના પ્રયત્નો તેમજ આવા બાળકોને અભ્યાસ તેમજ અન્ય ખાસ પ્રકારની તાલીમ આપવા માટે જોગવાઈ.

⇒ વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધાઓની ખૂટતી કડી પૂરી કરવા અને શાળાઓને સ્વચ્છતા સહાય માટે જોગવાઈ.

- ⇒ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરા પાડવા જોગવાઈ.
- ⇒ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદાજે 10 લાખ વિદ્યાર્થિનીઓ તથા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી માફી માટે જોગવાઈ.
- ⇒ શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે થેરાપીની સગવડ વિકસાવવા તેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને સાધન સહાય આપવા માટે જોગવાઈ.
- ⇒ મોડલ શાળાઓમાં ગર્લ્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઈ.
- ⇒ ભારત સરકાર દ્વારા સંચાલિત સૈનિક શાળાઓ જેવી જ રક્ષા શકિત શાળાઓ રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી શરૂ કરવા જોગવાઈ.
- ⇒ 'સંસ્કૃત સાધન યોજના' અંગર્તત હયાત સંસ્કૃત ગુરુકુળોમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જોગવાઈ.
- ⇒ સંસ્કૃતના અભ્યાસ માટે સામાજિક ભાગીદારીથી નવા સંસ્કૃત ગુરુકુળો શરૂ કરવા સંસ્કૃત 'શકિત ગુરુકુળ યોજના' માટે જોગવાઈ.
- ⇒ પ્રાથમિક શાળાઓ ખાતે CCTV કેમેરાની સુવિધા માટે જોગવાઈ.
- ⇒ વડનગર ખાતે 'પ્રેરણાકેન્દ્ર' શરૂ કરવા માટે જોગવાઈ.

→ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ –

- ⇒ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટયુશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય પૂરી પાડવા માટે રૂા. 350 કરોડની જોગવાઈ.
- ⇒ માઈન્ડ ટુ માર્કેટના કન્સેપ્ટથી વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રેરીત કરવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી 2.0 અંતર્ગત 1 હજાર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને 10 હજાર શાળાઓમાં અંદાજે 50 લાખ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે રૂા. 300 કરોડનું આયોજન કરેલ છે.
- ⇒ નમો ટેબ્લેટ યોજના અંતર્ગત 3 લાખ જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા જોગવાઈ.
- ⇒ ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં માળખાકીય સગવડો માટે જોગવાઈ.
- ⇒ ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'ડિજિટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ' તરીકે જોગવાઈ.
- ⇒ સરકારી કોલેજોના મકાન બાંધકામ, પુસ્તકો, આઈ.ટી. અને લેબોરેટરીના સાધનો માટે જોગવાઈ.
- ⇒ પી.એચ.ડી.ના 1 હજાર વિદ્યાર્થીઓને સંશોધન તથા અન્ય ખર્ચને પહોંચી વળવા વિદ્યાર્થીદીઠ રૂા. 2 લાખની સહાય પૂરી પાડતી 'શોધ યોજના' અંતર્ગત જોગવાઈ.
- ⇒ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે ટોય હાઉસ, પુસ્તક પ્રકાશન અને આઈ.ટી. ઉપકરણ માટે જોગવાઈ.
- ⇒ સરકારી ઈજનેરી કોલેજો અને પોલિટેકનિક માટે બાંધકામ, સાધન–સામગ્રી, પુસ્તકો અને ખૂટતા ફર્નિચર માટે જોગવાઈ.
- ⇒ IITRAM ખાતે ડ્રોન ટેકનોલોજી, આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નીંગ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે જોગવાઈ રૂા. 6 કરોડ.
- ⇒ લિંબાયત (સુરત), જસદણ (રાજકોટ), બગસરા (અમરેલી), પાલીતાણા (ભાવનગર), વરાછા (સુરત) અને સંતરામપુર (મહીસાગર) ખાતે નવી સરકારી કોલેજ શરૂ કરવામાં આવશે.
- ⇒ આદિજાતિ વિસ્તારોના કાછલ (સુરત), ડેડીયાપાડા (નર્મદા) અને ખેરગામ (નવસારી) ખાતેની હયાત કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવશે.
- ⇒ એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટ અને ગાઈડ માટેની વિવિધ યોજનાઓ માટે જોગવાઈ રૂા. 9 કરોડ.

**(8) સામાજિક ન્યાય અને અધિકારીતા :**

- → સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂા. 4782 કરોડની જોગવાઈ.
- → અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, વિચરતી અને વિમુકત જાતિ, લઘુમતિઓ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ દિવ્યાંગો, વૃદ્ધો અને નિરાધારોના સશકિતકરણ, સર્વાંગી વિકાસ અને સામાજિક સુરક્ષા પુરી પાડવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સરકાર અમલ કરી રહી છે. આ યોજનાઓમાં લાભાર્થીઓને મળનાર રકમમાં વધારો કરી વધુ સારી રીતે સહાયભૂત થવા સરકારે નિર્ણય કરેલ છે.
- → નિરાધાર વૃદ્ધ પેન્શનના યોજનાના 60 થી 80 વર્ષના લાભાર્થીઓને હાલ રૂા. 750 માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં રૂા. 250 નો વધારો કરી રૂા. 1000 માસિક પેન્શન આપવામાં આવશે. 80 વર્ષ ઉપરના લાભાર્થીઓને હાલ રૂા. 1000 માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં રૂા. 250નો વધારો કરી રૂા. 1250 માસિક પેન્શન આપવામાં આવશે. જેનો લાભ આશરે 11 લાખ લાભાર્થીઓને મળશે. આ યોજના માટેની જોગવાઈ કરી છે.
- → 'રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના' અને 'સંત સૂરદાસ દિવ્યાંગ પેન્શન યોજના'માં લાભાર્થીઓને હાલ રૂા. 600 માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં રૂા. 400નો વધારો કરી રૂા. 1000 માસિક પેન્શન આપવામાં આવશે.
- → ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આર્થિક અને સામાજિક વિકાસ માટે અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓ માટે જોગવાઈ.
- → ધોરણ 1 થી 10 માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે 43 લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂા. 250નો વધારો કરવામાં આવશે.
- → પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતિ અને આર્થિક રીતે પછાત વર્ગના અંદાજે 36 લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે હાલ રૂા. 600 આપવામાં આવે છે. જેમાં રૂા. 300નો વધારો કરી ગણવેશ સહાય માટે રૂા. 900 આપવામાં આવશે.
- → અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે 1 લાખ વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થા પેટે માસિક રકમ રૂા. 1500 આપવામાં આવે છે જેમાં રૂા. 660નો વધારો કરી માસિક રકમ રૂા. 2160 આપવા માટે જોગવાઈ.
- → 'આંબેડકર આવાસ યોજના' અને 'પંડિત દિન દયાળ આવાસ યોજના' માટે જોગવાઈ.

→ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે સહાય માટે જોગવાઈ.

→ અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને દિવ્યાંગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે સરકારે 9 જેટલા ખાસ નિગમોની રચના કરી છે. જેના થકી લાભાર્થીઓને લોન આપવા માટે જોગવાઈ.

→ ધોરણ 9 માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે 1 લાખ 70 હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા સરસ્વતી સાધન યોજના માટે જોગવાઈ.

→ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ એવા દરેક સ્તરે શિષ્યવૃત્તિમાં રૂા. 500નો વધારો કરવામાં આવશે.

→ 'માનવ ગરિમા યોજના' હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને સાધનો પૂરા પાડવા જોગવાઈ.

→ કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટે જોગવાઈ.

→ સંકટ મોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યકિતના દુઃખદ અવસાનથી આવી પડેલ મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે જોગવાઈ.

→ 'ડો.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના'માં હાલની સહાય રૂા. 1 લાખ આપવામાં આવે છે. જેમાં રૂા. 1.5 લાખનો માતબર વધારો કરી રૂા. 2 લાખ 50 હજાર સહાય આપવામાં આવશે. જેના માટે રૂા. 15 કરોડની જોગવાઈ.

→ 'સાતફેરા સમુહ લગ્ન સહાય યોજના' હેઠળ રૂા. 9 કરોડની જોગવાઈ.

→ ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોનું મકાનભાડું વિદ્યાર્થીદીઠ ગ્રામ્ય વિસ્તારમાં માસિક રૂા. 50 માંથી વધારી રૂા. 100, નગરપાલિકા વિસ્તારમાં માસિક રૂા. 70 માંથી વધારીને રૂા. 140 અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસિક રૂા. 90 માંથી વધારી રૂા. 180 કરવામાં આવશે.

→ વિકસતી જાતિ માટેની ડે–સ્કોલર અને હોસ્ટેલર માટે અપાતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં રૂા. 600 થી રૂા. 2200 સુધીનો વધારો કરવામાં આવશે.

→ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટેની સાધન ખરીદવા માટે રૂા. 5000 સહાય આપવામાં આવે છે જેમાં રૂા. 3000 નો વધારો કરી રૂા. 8000 સહાય આપવામાં આવશે.

→ પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સહાય રૂા. 30 હજાર આપવામાં આવે છે જેમાં રૂા. 70 હજારનો માતબર વધારો કરી રૂા. 1 લાખની સહાય આપવામાં આવશે.

→ દિવ્યાંગજનોને ભાવનાત્મક ટેકો આપવા સાંકેતિક ભાષાની વિડીયો કોલ સહિત રાજયકક્ષાની નવી 24 × 7 હેલ્પ લાઈન સુવિધા શરૂ કરવામાં આવશે.

**(9) આદિજાતિ વિકાસ :**

→ આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂા. 2909 કરોડની જોગવાઈ

→ ગુજરાતના આદિજાતિ બંધુઓ પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ જાળવીને વિકાસની યાત્રામાં જોડાઈ રાજ્યની પ્રગતિમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરેલ હતી. આ કલ્યાણ કાર્યક્રમને આગળ ધપાવતા અમારી સરકારે પાંચ વર્ષ માટે રૂા. 1 લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના–2 શરૂ કરેલ છે.

→ આજના ઈલેક્ટ્રોનિક યુગમાં 108 એમ્બ્યુલન્સ સેવા, સરકારી યોજનાકીય લાભો, ઓનલાઈન બેન્કીંગ સેવા, નોકરી–કોન્ટ્રાકટ માટે ઓનલાઈન અરજી, ઓનલાઈન શિક્ષણ, ઈ–કોમર્સ જેવી તમામ સેવાઓ માટે મોબાઈલ નેટવર્ક મુખ્ય માળખાકીય સુવિધા તરીકે ઉપસી આવેલ છે. આદિજાતિ વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની સુવિધા સહેલાઈથી મળી શકે તે માટે 500 નવા મોબાઈલ ટાવર આવતા બે વર્ષમાં ઊભા કરવામાં આવશે. જે માટે રૂા. 100 કરોડની જોગવાઈ.

→ નિવાસી શાળાઓનાં માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક ભાગીદારીથી 25 'બિરસા મુંડા જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસેલેન્સ' શરૂ કરવામાં આવશે. જેમાં અનુસૂચિત જનજાતિના 50 હજાર વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશે. જે માટે જોગવાઈ.

→ આદર્શ નિવાસી શાળાઓ, EMRS અને GLRS મળી કુલ 177 જેટલી શાળાઓના અંદાજિત 46 હજાર જેટલા વિદ્યાર્થીઓને નિવાસી શાળા શિક્ષણ આપવા માટે જોગવાઈ.

→ અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે 1 લાખ 43 હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થા પેટે હાલ માસિક રકમ રૂા. 1500 આપવામાં આવે છે. જેમાં રૂા. 660 નો વધારો કરી માસિક રકમ રૂા. 2160 આપવામાં આવશે. જે માટે જોગવાઈ રૂા. 503 કરોડ.

→ અનુસૂચિત જનજાતિના આશરે બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે જોગવાઈ.

→ દૂધ સંજીવની યોજના અંતર્ગત 53 આદિજાતિ તાલુકાનાં 8 લાખ જેટલા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર આપવા માટે જોગવાઈ.

→ આદિજાતિ ખેડૂતોને વ્યકિતગત / સામૂહિક સિંચાઈ કૂવા સાથે 3 એચ.પી. સોલાર પંપની સહાય આપવા માટે જોગવાઈ.

→ હળપતિઓ અને આદિમજૂથોને પાયાની 6 સુવિધાઓ માટે અને સી.સી.ડી. પ્રોજેકટ હેઠળ જોગવાઈ.

→ હળપતિ બોર્ડ દ્વારા 3500 જેટલા હળપતિ આવાસોનાં નિર્માણ માટે જોગવાઈ.

→ પ્રાથમિક શાળાઓમાં ભણવા અનુસૂચિત જનજાતિના અંદાજે 13 લાખ વિદ્યાર્થીઓને હાલ રૂા. 600 ગણવેશ સહાય આપવામાં આવે છે જેમાં રૂા. 300 નો વધારો કરી રૂા. 900 ગણવેશ સહાય આપવામાં આવશે.

→ આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા ખેડૂતોને સહાયતની નવી યોજના હેઠળ જોગવાઈ.

→ ધોરણ 1 થી 10 માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના અંદાજે 13 લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂા. 250 નો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ.

→ આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવા 8 નવા MSME જી.આઈ.ડી.સી. એસ્ટેટની રચના કરવામાં આવશે. આ માટે જોગવાઈ.

→ આદિજાતિ વિસ્તારમાં સહકારી ક્ષેત્રે આવેલ ખાંડ મિલોને પુનઃ કાર્યાન્વિત કરવા તેમજ શેરમૂડી માટે લોન સહાય પેટે રૂા. 40 કરોડની જોગવાઈ.
→ આદિજાતિ લાભાર્થીઓ માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ જોગવાઈ.
→ આદિજાતિ લાભાર્થીઓ માટે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના' હેઠળ જોગવાઈ.
→ અદ્યતન સુવિધાવાળા 'સમરસ છાત્રાલયોની યોજના' અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ.
→ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સ્વરોજગારી માટે જોગવાઈ.
→ ધોરણ 9 માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા 'વિદ્યાસાધના યોજના' હેઠળ જોગવાઈ.
→ બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધન કાર્યો માટે જોગવાઈ.
→ માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીની કીટ આપવા જોગવાઈ.
→ 'ટેલેન્ટ પુલ યોજના' અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષણ હેતુસર સહાય આપવા જોગવાઈ.
→ ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનિમિયા જેવા રોગોની સારવારની મફત તબીબી સહાય યોજના હેઠળ જોગવાઈ.
→ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ઉત્પાદન–સહ વેચાણનાં હેતુસર હાટ બજાર વ્યવસ્થાના સહયોગ માટે જોગવાઈ.
→ આદિજાતિ જિલ્લાઓમાં દૂધ મંડળીનાં બાંધકામ સહાય માટે જોગવાઈ.
→ પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાલ સહાય રૂા. 25 હજાર આપવામાં આવે છે. જેમાં રૂા. 75 હજારનો ઘરખમ વધારો કરીને સહાય રૂા. 1 લાખ આપવામાં આવશે.

**(10) પંચાયત અને ગ્રામવિકાસ :**

→ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ રૂા. 9048 કરોડની જોગવાઈ.
→ દરેક ગામમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી આરોગ્ય અને સુખાકારીના ક્ષેત્રે વધારે પ્રગતિ થાય તે સરકારનો સંકલ્પ છે. ગ્રામ અસ્મિતાની જાળવણી થાય તેમજ નવતર સગવડો ઉત્તરોત્તર વિકાસ પામે તે જ અમારી લોકાભિમુખ સરકારનો મૂળમંત્ર છે. ગામોને ઈન્ટરનેટ અને મોબાઈલ કનેક્ટિવિટી પૂરી પાડી ડિજિટલ ડીવાઈડ ઘટાડવા માટે ભારતનેટ યોજના અંતર્ગત કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ગ્રામ્ય કક્ષાએ વધુ સારી કનેકિટવિટી ઉપલબ્ધ કરાવી 108 એમ્બ્યુલન્સ સેવા, ડિજિટલ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ કરાવેલ સરકારી યોજનાકીય લાભો, ઓનલાઈન બેન્કીંગ સેવા, ઓનલાઈન શિક્ષણ જેવી તમામ સેવાઓ ગામ લોકોને હાથવગી ઉપલબ્ધ કરાવવા ફ્રી વાઈ–ફાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે.
→ 15મા નાણાંપંચ હેઠળ પંચાયતોને માળખાકીય સગવડો માટે રૂા. 15,650 કરોડ મળનાર છે. તે પૈકી આગામી વર્ષ માટેની જોગવાઈ.
→ ગ્રામ પંચાયતોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી, ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવા, જાહેર ગ્રંથાલયો બનાવવા, ગામલોકોના સ્વાસ્થ્યના સુધારા માટે કસરતના સાધનો પૂરા પાડવા, સ્મૃતિ સ્મારકોનું રીપેરીંગ કરવા, ગામનું ગેઝેટીયર બનાવવા, ગ્રામ પંચાયત કચેરી પર સોલર રૂફ ટોપ લગાડવા જેવી બાબતોનો સમાવેશ કરતી મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના.
→ ઈ–ગ્રામ સેન્ટરની સગવડોને વધારે સઘન તેમજ સુદ્દઢ બનાવી 200 જેટલી સેવાઓ પૂરી પાડવા જોગવાઈ.
→ રાજ્યના બધા ગામોમાં તબક્કાવાર વિનામૂલ્યે વાઈ–ફાઈ સેવા કરવાની યોજનાના પ્રથમ તબક્કામાં અંદાજે 4000 ગામોમાં વિનામૂલ્યે વાઈ–ફાઈની સગવડ પૂરી પાડવા જોગવાઈ.
→ આઠ શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરવા જોગવાઈ.
→ રસીકરણ, જન્મ મરણ નોંધણી, નળ કનેકશન, મહિલા અને બાળકોમાં પોષણ જેવા માપદંડોને આધારે સ્માર્ટ વિલેજ જાહેર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે જોગવાઈ.
→ પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદ્દઢ કરવાના ભાગરૂપે 13000 જેટલી જગ્યાઓ ભરવા માટે ભરતીની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.
→ ગ્રામીણ વિસ્તારમાં લોકોના જીવનધોરણમાં સુધારો કરવા, રોજગારી, કૌશલ્ય વિકાસ અને માળખાકીય સુવિધાઓ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં છે. જેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ, સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અને સાંસદ આદર્શ ગ્રામ યોજનાનો સમાવેશ થાય છે.
→ 2024 સુધીમાં સૌને આવાસના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ, આવતા બે વર્ષમાં 4 લાખ જેવા નવા આવાસો બનાવવાના ભગીરથ પ્રયાસો સરકારે આદર્યા છે. આ યોજના માટેની જોગવાઈ.
→ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત જોગવાઈ રૂા. 900 કરોડ.
→ આંગણવાડી, શાળાના ઓરડા, મધ્યાહન ભોજન શેડ, વન–નર્સરી, સામુદાયિક કૂવા, કેટલ શેડ વગેરે લોકોપયોગી અસ્કયામતો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના જોડાણથી ઊભી કરવા મટીરિયલ કમ્પોનન્ટ માટે જોગવાઈ.
→ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સફાઈના ધોરણ સુધારવા માટે જોગવાઈ.
→ મહિલાઓનાં સશકિતકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (આજીવિકા) અંતર્ગત જોગવાઈ.
→ ગ્રામ્યસ્તરે પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતિને પ્રોત્સાહન આપવા 'શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન' હેઠળ જોગવાઈ.
→ નવા મંજૂર થયેલ આવાસની સાથે બાથરૂમ સુવિધા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત જોગવાઈ.
→ મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઈ.

**(11) શહેરી વિકાસ :**

→ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂા. 14,297 કરોડની જોગવાઈ.

→ શહેરીકરણના દરમાં વધારો થતાં રાજ્યની લગભગ 48 ટકા વસતિ શહેરોમાં રહે છે. શહેરમાં રહેતા લોકોના જીવતસ્તરમાં સુધારા માટે માળખાકીય સગવડો સાથે નવતર સેવાઓનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. મહાનગરપાલિકા, નગરપાલિક તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓ માટે અમલમાં મૂકેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ 2024 સુધી લંબાવવામાં આવેલ છે.

→ કેન્દ્ર સરકારના સ્વચ્છ સર્વેક્ષણ 2021માં દેશના ટોપ–10 સ્વચ્છ શહેરોની યાદીમાં ગુજરાતના ત્રણ શહેરો – સુરત, વડોદરા અને અમદાવાદ અનુક્રમે, બીજા આઠમા અને દસમાં ક્રમે આવેલ છે. ગાંધીનગર દેશનું સૌથી સ્વચ્છ પાટનગર બન્યું છે.

→ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે જોગવાઈ.

→ ઓકટ્રોય નાબૂદી વળતરમાં આગામી વર્ષે 10 ટકાનો વધારો કરવામાં આવશે.

→ શહેરી વિસ્તારમાં નવા 55000 આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા જોગવાઈ.

→ આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિવિધ નગરપાલિકાઓમાં 75 ઓપન જીમયુકત ગાર્ડન બનાવવા માટે જોગવાઈ.

→ 15મા નાણાપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસના કામો માટે અંદાજે રૂા. 6500 કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

→ મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઈટની સેવાઓ પૂરી પાડવા માટે જોગવાઈ.

→ સ્માર્ટ સિટી યોજના હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો માટે જોગવાઈ.

→ અમૃત યોજના–2 અંતર્ગત પાણીપુરવઠા, ગટરવ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે જોગવાઈ.

→ શહેરી વિસ્તારોને રેલ્વે ફાટક મુકત બનાવવાના અભિયાન અંતર્ગત ઓવરબ્રીજ બનાવવા માટે જોગવાઈ.

→ સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ જોગવાઈ.

→ દિનદયાળ અંત્યોદય યોજના – નેશનલ લાઈવલીહુડ મિશન હેઠળ જોગવાઈ.

→ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને બીજા અત્યાધુનિક સાધનો પૂરા પાડવા તેમજ 16 નગરપાલિકાઓમાં મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે જોગવાઈ.

→ નગરપાલિકાઓ દ્વારા સ્ટ્રીટ લાઈટ, વોટર વકર્સ અને સુએઝ વર્ક માટે 150 મેગાવોટ વીજળી બિનપરંપરાગત સ્ત્રોતોથી મેળવી ઊર્જા ક્ષેત્રે નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા માટે રૂા. 600 કરોડના ખર્ચે ગૃપ કેપ્ટિવ સોલાર અને વીન્ડ એનર્જી પાર્ક સ્થાપવામાં આવશે.

→ વર્લ્ડબેન્ક સહાયિત 'ગુજરાત રેઝિલીયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ' હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના રૂા. 3000 કરોડના માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેકટને મંજૂરી.

→ સુરતમાં તાપી નદીકાંઠાના ડેવલપમેન્ટ માટે વર્લ્ડબેન્ક સહાયિત રૂા. 1991 કરોડના પ્રોજેકટને મંજૂરી.

→ ઔડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક સહાયિત રૂા. 1900 કરોડના પ્રોજેકટને મંજૂરી.

→ રાજ્યની અ–વર્ગની 22 નગરપાલિકાઓમાં નાગરિકોને આપવામાં આવતી જુદી–જુદી સેવાઓ તાત્કાલિક મળી શકે તે માટે સિવિક સેન્ટરો ઊભા કરવા માટે જોગવાઈ રૂા. 11 કરોડ.

→ શહેરમાં રખડતાં તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઈ રૂા. 50 કરોડ.

→ ધાર્મિક સ્થળોની સેવા–પૂજા કરનાર વ્યકિતના ધાર્મિક પરિસરમાં આવેલ રહેઠાણના મકાનને મિલકત વેરામાંથી મુકિત આપવામાં આવશે.

→ ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ અને એકમાત્ર આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર છે. જ્યાં હવે બધી રેગ્યુલેટરી સત્તાઓ ધરાવતી IFSC ઓથોરિટી કાર્યરત થયેલ છે. ભારત અને વિદેશની નામાંકિત બેન્કો, ઈન્શ્યોરન્સ કંપનીઓ, આંતરરાષ્ટ્રીય એકસચેન્જો સાથે જોડાયેલ ઈન્ટરમીડિઅરીઝ પર ત્યાં કાર્યરત છે. એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ, ગ્લોબલ ઈન હાઉસ સેન્ટર્સ, શીપ લીઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ, ગ્લોબલ ટ્રેઝરી જેવી સેવાઓને મંજૂરી મળતા તેવી સેવાઓ પણ ચાલુ થયેલ છે. ભારત સરકારે ગિફ્ટ સિટીને બુલીયન એકસ્ચેંજ તરીકે પણ માન્યતા આપેલ છે.

→ ગિફ્ટ સિટીમાં નાણાકીય વ્યવસ્થાપન, ફીનટેક, વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ, ગણિત અભ્યાસક્રમો ઓફર કરતી વિદેશી યુનિવર્સિટીઓને માન્યતા આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે જાહેર કરેલ છે. ગિફ્ટ સિટીમાં 'આંતરરાષ્ટ્રીય આર્બીટ્રેશન સેન્ટર'ની સ્થાપના કરવામાં આવશે. ગિફ્ટ સિટીમાં સસ્ટેનેબલ કલાઈમેટ માટે ગ્લોબલ ફાયનાન્સની સેવાઓ ઉપલબ્ધ થશે. ભારત સરકાર દ્વારા ઓફ શોર્ડ ડેરીવેટીવ, શીપ લીઝીંગ તેમજ પોર્ટ ફોલીયો મેનેજમેન્ટની સેવાઓમાંથી મળેલ આવક માટે કરમુકિત જાહેર કરેલ છે. આમ, ગિફ્ટ સિટી ઝડપથી આંતરરાષ્ટ્રીય કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે ઉપસી રહેલ છે.

**(12) ઉદ્યોગ અને ખાણ :**

→ ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂા. 7030 કરોડની જોગવાઈ.

→ ગુજરાતીઓએ પોતાની ઉદ્યમશીલતા અને પરિશ્રમથી સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરેલ છે. આજે આપણું રાજ્ય દેશના ગ્રોથ એન્જિન તરીકે ઓળખાય છે. રાજ્યે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન, ફેકટરીઓની સંખ્યા અને નિકાસના ક્ષેત્રે મોખરાનું સ્થાન મેળવેલ છે.

→ વાંસી–બોરસી, જિલ્લો નવસારી ખાતે કેન્દ્ર સરકારની PM MITRA યોજના હેઠળ રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા અદ્યતન સુવિધા ધરાવતા ટેક્ષટાઈલ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.

→ ટેક્ષટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈન પૈકીના ખાસ ક્ષેત્રોને મજબૂત કરવા માટે જોગવાઈ.

→ નિકાસની નવી તકો સાથે રોજગારીના વિપુલ અવસરોનું નિર્માણ કરવા મોરબી ખાતે 400 કરોડ રૂપિયાના ખર્ચે વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતું 'ઈન્ટરનેશનલ સિરામિક પાર્ક' સ્થાપવાનું આયોજન છે.



Banking Academy

→ MSME ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સ્કીમ ફોર ફાયનાન્સિયલ આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ સહાય આપવા જોગવાઈ રૂા. 1360 કરોડ.
→ નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તથા રાજ્યમાં સ્ટાર્ટ–અપ ઈકો સિસ્ટમને વધુ સુદૃઢ બનાવવા અર્થે સ્ટાર્ટ–અપ–વેન્ચર ફાયનાન્સ યોજના માટે રૂા. 1000 કરોડનું ફંડ ઊભું કરવાનું આયોજન કરેલ છે. જે માટે આગામી વર્ષ માટે જોગવાઈ.
→ ઔદ્યોગિક ટ્રીટેડ પાણીના નિકાલ માટે સરીગામ, વાપી, સુરત અને અંકલેશ્વરમાં ડીપ–સી પાઈપલાઈન નાખવામાં આવશે. જેના માટે જોગવાઈ રૂા. 480 કરોડ.
→ ભારતના પ્રથમ ગ્રીન ફિલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં વધુ મૂડી રોકાણ આકર્ષી રોજગારીની તકો સર્જવા તેમજ રોકાણકારોને પ્રોત્સાહન આપવા ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ હેઠળ જોગવાઈ.
→ 'બાજપાઈ બેન્કેબલ યોજના' અન્વયે અંદાજે 37 હજાર લાભાર્થીઓને ધિરાણ માટે વ્યાજ સહાય આપવા જોગવાઈ.
→ માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા 34 હજાર લાભાર્થીઓને 27 ટ્રેડ માટે સાધન–ઓજાર સ્વરૂપે સહાય આપવા માટે જોગવાઈ રૂા. 48 કરોડ.
→ રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે જોગવાઈ.
→ ભારત સરકાર દ્વારા જાહેર કરેલ નેશનલ હાઈડ્રોજન મિશન અને વિવિધ પ્રોડકશન લીન્ક ઈન્સેન્ટીવ સ્કીમોને સુસંગત રહીને, પસંદ કરેલા સેકટરોમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી કરવા તેમજ મૂડીરોકાણને આકર્ષવા નવી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના તથા તે અંગેના સંશોધન અને વિકાસ અર્થે ગ્રીન ઈનોવેશન ફંડ માટે મૂડી જોગવાઈ.
→ સંશોધન અને વિકાસ યોજના–2020 અન્વયે સંસ્થાઓને સંશોધન / પ્રોડકટ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા સહાય આપવા માટે જોગવાઈ.
→ રાજ્યમાં પાંચ સ્થળોએ એગ્રો – ફુડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.
→ મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી નિકાસને વેગ આપવા પાંચ સી–ફુડ પાર્કની સ્થાપના

**(13) પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન :**

→ પ્રવાસન ઉદ્યોગ થકી રોજગારીની વિપુલ તકો ઊભી થતી હોઈ પ્રવાસન વિકાસ માટે જોગવાઈ રૂા. 465 કરોડ.
→ પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ માટે જોગવાઈ રૂા. 288 કરોડ.
→ ઐતિહાસિક અને બૌદ્ધ ધર્મના વૈશ્વિક કેન્દ્ર સમા વડનગર ખાતે પ્રેરણા શાળામાં તાલીમ કેન્દ્ર અને સુવિધાઓ માટે રૂા. 50 કરોડનું આયોજન.
→ રાજ્યના મુખ્ય શહેરોથી નજીક પિકનિક સ્પોટના વિકાસ માટે રૂા. 20 કરોડનું આયોજન.
→ વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવા રૂા. 20 કરોડનું આયોજન.
→ વિશ્વ પ્રસિદ્ધ સફેદ રણ અને બીજા પ્રવાસન સ્થળોએ કેરેવાન પાર્કના વિકાસ માટે રૂા. 10 કરોડનું આયોજન.
→ સુરતના ભીમરાડને ઐતિહાસિક પર્યટન સ્થળ તરીકે વિકસાવવા તેમજ ગાંધી સ્મારકના વિકાસ માટે રૂા. 10 કરોડનું આયોજન.
→ યુનેસ્કો દ્વારા જાહેર કરેલ વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઈ.
→ પ્રવાસન દ્વારા સ્વ–રોજગારીને પ્રોત્સાહન આપવા ગાઈડ તરીકેની ઓનલાઈન ટ્રેનિંગનું નવું પ્લેટફોર્મ ઊભું કરવા જોગવાઈ.
→ વલસાડના પારડી બીચને પ્રવાસીઓ માટે સુવિધાસભર બનાવવા રૂા. 5 કરોડનું આયોજન.
→ મહીસાગર જિલ્લાના પ્રવાસન સ્થળોની સર્કિટના વિકાસ માટે રૂા. 2 કરોડનું આયોજન. સ્ટેચ્યુ ઓફ યુનિટી – એકતા નગર.

**(14) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી :**

→ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ રૂા. 670 કરોડની જોગવાઈ.
→ રાજ્યમાં ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવા માટે આંતર માળખાકીય સેવાઓ તેમજ રોજગારીની તકોનું સર્જન કરવા આઈ.ટી. ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સરકાર કાર્યરત છે. અમારી સરકારે ભારત નેટ પ્રોજેકટ દ્વારા ઈન્ટરનેટ ગામેગામ પહોંચાડયું છે.
→ આઈ.ટી. અને બી.ટી.પોલીસી અંતર્ગત લાયકાત ધરાવતાં એકમો / વ્યકિતઓને સહાય આપવા માટે જોગવાઈ.
→ ભારતનેટ પ્રોજેકટ દ્વારા રાજ્યની 14000 થી વધુ ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક દ્વારા ઈન્ટરનેટથી જોડાણ કરીગુજરાત દેશમાં સર્વ પ્રથમ સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય બન્યું છે. આ હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકિટવિટીથી ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, સ્વાસ્થ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન, બીજી સરકારી અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે જોગવાઈ.
→ સાયન્સ સિટીમાં માનવ અને જીવવિજ્ઞાન ગેલેરી સ્થાપવા માટે રૂા. 250 કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે જે પૈકી આગામી વર્ષે જોગવાઈ.
→ 3 મહાનગરો સુરત, જામનગર અને જૂનાગઢ ખાતે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રોના વિકાસ અને 25 જિલ્લાઓમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રોના વિકાસના કામો હાથ ધરવામાં આવશે. જે માટે જોગવાઈ.
→ સરકારના આઈ.ટી. માળખાને સાઈબર જોખમો સામે રિયલટાઈમ સુરક્ષા પૂરી પાડવા 'સિકયુરિટી ઓપરેશન સેન્ટર પ્રોજેકટ' માટે જોગવાઈ.
→ ઈલેકટ્રોનિક સિસ્ટમ ડિઝાઈન અને ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતને રોકાણનું હબ બનાવવા અને પ્રોત્સાહનો દ્વારા ઉદ્યોગોને આકર્ષવા રાજ્યમાં ઈલેકટ્રોનિકસ મિશનની સ્થાપના કરવાનું આયોજન.

**(15) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :**

→ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂા. 1837 કરોડની જોગવાઈ.
→ યુવાધન પોતાની સાથે રાજ્યના વિકાસમાં સહભાગી બને તેવા અભિગમથી અમારી સરકારે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપી આગામી વર્ષમાં 5 લાખ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે જે લક્ષ્યાંક ગત વર્ષ કરતા બમણો છે. કૌશલ્યયુકત શિક્ષણના વિકાસ માટે કૌશલ્યા–ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે અને સરકારે કૌશલ્ય વિકાસ માટે નવા કમિશનરેટની સ્થાપના કરવાનો પણ નિર્ણય કરેલ છે.

- → યુવાનોનું ઉદ્યોગો તેમજ બીજા ક્ષેત્રોની જરૂરિયાત મુજબનું કૌશલ્યવર્ધન થાય તે માટે 51 નવા ભવિષ્યલક્ષી કોર્સ દ્વારા 50 હજાર તાલીમાર્થીઓને તાલીમ આપવાનો નિર્ણય કરેલ છે, હાલના 50 અને નવા 51 કોર્સ મળી 101 કોર્સ મારફત તાલીમ આપવા માટે જોગવાઈ.
- → સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે માળખાકીય સુવિધા તેમજ બાંધકામ માટે જોગવાઈ.
- → ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત 50000 યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે જોગવાઈ.
- → મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત 1 લાખ જેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે જોગવાઈ.
- → કૌશલ્યા–ધી સ્કીલ યુનિવર્સિટીના બાંધકામ તથા આનુષંગિક સવલતો માટે જોગવાઈ.
- → ગુજરાત એપેક્ષ ટ્રેનિંગ ઈન્સ્ટીટયૂટની સ્થાપના કરી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરને ટ્રેનિંગ ઓફ ટ્રેઈનરના માધ્યમથી તાલીમબદ્ધ કરવા જોગવાઈ.
- → ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે જોગવાઈ રૂા. 25 કરોડ.
- → ડ્રોન સ્કીલ ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના માટે જોગવાઈ.
- → તાલીમાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ માટે 50 આઈ.ટી.આઈ. ખાતે ઓગમેન્ટેડ રિયાલીટી અને વર્ચ્યૂઅલ રિયાલીટી લેબોરેટરી માટે જોગવાઈ.
- → શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજનનો દર રૂા. 10 થી ઘટાડીને રૂા. 5 કરવાનો અને ગુજરાતના તમામ જિલ્લાઓનો આ યોજનામાં સમાવેશ કરવાનો નિર્ણય સરકારે કરેલ છે.
- → પ્રધાનમંત્રી શ્રમિક માનધન યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને પેન્શન આપવા જોગવાઈ.
- → ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા શ્રમિકોની આરોગ્ય સારવાર માટે નવા 100 રથ માટે જોગવાઈ.
- → પ્રધાનમંત્રી જીવનજ્યોતિ બીમા યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને રૂા. 2 લાખનું વીમા કવચ આપવા માટે જોગવાઈ.
- → મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનનું નવીનીકરણ કરવા જોગવાઈ.
- → નોંધાયેલા બાંધકામ શ્રમિકોના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ બાળકોની કારકિર્દીના ઘડતર માટે અંદાજે 30000 બાળકો માટે "શિક્ષણ સહાય" યોજના અંતર્ગત જોગવાઈ.
- → તાલુકાકક્ષાએ કૌશલ્ય વર્ધનની તાલીમ માટે સક્ષમ યોજના માટે જોગવાઈ.
- → શ્રમનિકેતન યોજના હેઠળ 5 જગ્યાએ શ્રમયોગી હોસ્ટેલના નિર્માણ માટે જોગવાઈ.
- → નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકોને પ્રસૂતિ સહાય યોજના માટે જોગવાઈ.
- → નોંધાયેલા બાંધકામ શ્રમયોગીને હેલ્થ–ચેક અપ માટે સહાય આપવા જોગવાઈ.
- → શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફત વધુ આઠ નવી મોબાઈલ મેડિકલ વાન દ્વારા શ્રમયોગીઓને વિનામૂલ્યે તબીબી સારવાર આપવા જોગવાઈ.
- → ઈ–શ્રમ પોર્ટલ પર નોંધાયેલ અસંગઠિત શ્રમિકો માટે રૂા. 2 કરોડના સામાજિક સુરક્ષા ફંડની જોગવાઈ.

### (16) માર્ગ અને મકાન :

- → માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂા. 12,024 કરોડની જોગવાઈ.
- → રાજ્યની આર્થિક અને સામાજિક પ્રગતિ માટે પરિવહનની સુયોજિત અને સુદ્રઢ વ્યવસ્થા અનિવાર્ય છે. છેલ્લાં બે દશકમાં રાજ્ય ધોરીમાર્ગો તેમજ ગ્રામ્ય રસ્તાઓમાં વિસ્તૃતિકરણ અને સુદ્રઢીકરણ માટે થયેલા કામોને પરિણામે રાજ્યમાં આજે આંતરરાષ્ટ્રીય સ્તરના રસ્તાઓનું નેટવર્ક પથરાયેલ છે. આ ગતિને વધુ વેગ આપી અંતરિયાળ વિસ્તારોમાં રસ્તાઓના વિકાસ માટે અમારી સરકાર આયોજન કરી રહેલ છે. હાલમાં રાજ્યમાં રૂા. 23000 કરોડના જુદા જુદા રસ્તાઓનાં કામો પ્રગતિ હેઠળ છે. ઉત્તરોત્તર વિકાસને વરેલી અમારી સરકાર દ્વારા આગામી વર્ષમાં અંદાજે રૂા. 10000 કરોડના રસ્તાઓના કામો હાથ ધરવાનો નિર્ણય કરેલ છે.
- → 201 કિલોમિટરના અમદાવાદ–બગોદરા–રાજકોટ હાઈવેને રૂા. 3350 કરોડના ખર્ચે છ–માર્ગીય કરવાની કામગીરી.
- → મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા 830 કિલોમીટરના 49 રસ્તોઓના અનુભાગોને ફોર–લેન બનાવવાની રૂા. 2801 કરોડની કામગીરી.
- → પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત 1750 કિલોમીટર અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત 4500 કિલોમીટર લંબાઈના ગ્રામ્ય રસ્તાઓ અને 200 જેટલા પુલો માટે જોગવાઈ.
- → સરખેજ–ગાંધીનગર હાઈવેને રૂા. 913 કરોડના ખર્ચે છ–માર્ગીય કરવાની કામગીરી પૂર્ણતાના આરે.
- → પી.એમ. ગતિશકિત અંતર્ગત મહત્વના પ્રોજેકટ અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેનના ઈકવિટી ફાળા માટે જોગવાઈ.
- → બગોદરા–તારાપુર–વાસદ રસ્તાની 101 કિલોમીટરની લંબાઈને રૂા. 1654 કરોડના ખર્ચે છ–માર્ગીકરણની કામગીરી પૂર્ણતાના આરે.
- → દરિયાકાંઠે આવેલ હયાત રસ્તાઓનું અપગ્રેડેશન તેમજ પુલના બાંધકામ સહિત કોસ્ટલ હાઈ–વે વિકસાવવા રૂા. 2440 કરોડનું આયોજન.
- → સુરત ખાતે બહુમાળી વહીવટી ભવનમાં રાજ્ય સરકારની કચેરીઓને કાર્યાન્વિત કરવા ઓફિસ સ્પેસ પેટે જોગવાઈ.
- → આદિજાતિ વિસ્તારના ગિરિમથક સાપુતારાથી શબરીધામ, ઝરવાણી ધોધ થઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી – એકતા નગરને જોડતા 10 મીટર પહોળા અને 218 કિલોમીટર લંબાઈના રસ્તાને વિકસાવવા માટે રૂા. 1670 કરોડનું આયોજન જે પૈકી આ વર્ષે પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂા. 90 કરોડની જોગવાઈ.
- → ઉભરાટ ખાતે સુરત અને નવસારી જિલ્લાને જોડતા રૂા. 300 કરોડની કિંમતના નવીન પુલની કામગીરીનું આયોજન.

### (17) બંદરો અને વાહન વ્યવહાર :

- → બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ રૂા. 1504 કરોડની જોગવાઈ.
- → બંદર આધારિત વિકાસના સિદ્ધાંતને અપનાવી રાજ્યે બંદર નીતિ થકી નાના મોટા 48 બંદરો તેમજ સંખ્યાબંધ જેટીઓનો વિકાસ કરી દરિયાકાંઠાના વિસ્તારોમાં વિકાસના નવા આયામો સર કરેલ છે. વર્ષ 2020-21માં દેશના કુલ પરિવહનનો 67% હિસ્સા જેટલા 388 મિલિયન મેટ્રીક ટન કાર્ગો પરિવહન કરી નાના બંદરો પર થતા માલ પરિવહનમાં રાજ્યે સર્વોચ્ચ સ્થાન ટકાવી રાખેલ છે.


Banking Academy

→ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા પી.પી.પી. ધોરણે હજીરા પોર્ટથી ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર સુધી રેલ્વે કનેકિટવિટીનો પ્રોજેકટ આશરે રૂા. 1600 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.

→ ભાવનગર જુના બંદર અને નવા નંબરની કનેકિટવિટી માટે ભાવનગર શહેરનો 21.60 કિલોમીટર લાંબો રીંગ રોડ રૂા. 297 કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે.

→ જામનગર ખાતે પોર્ટના ટ્રાફિકને સહેલાઈથી હાઈવે સુધી પહોંચાડી શકાય તે માટેના રીંગ રોડ રૂા. 70 કરોડના ખર્ચે વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

→ વડાપ્રધાને પી.એમ.ગતિશકિત યોજનાને સાકાર કરવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ એન્ડ લોજિસ્ટીક કંપની લિમિટેડની રચના કરવામાં આવેલ છે.

→ અલંગ ખાતે હયાત કે કેપેસીટીને બમણી કરવાના ભાગરૂપે માથાવડા ખાતે નવા 45 પ્લોટ બનાવવાનું આયોજન છે.

→ ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત નવલખી બંદર ખાતે જેટી કન્સ્ટ્રકશન અને માળખાકીય સુવિધાઓના વિસ્તૃતિકરણ તેમજ નવલખી બંદરના એપ્રોચ રોડને ચાર માર્ગીય નેશનલ હાઈવે તરીકે વિકસાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.

→ ભાવનગર ખાતે પી.પી.પી. ધોરણે રૂા. 2000 કરોડના સી.એન.જી. ટર્મિનલની કામગીરી શરૂ કરવામાં આવશે. જેના થકી મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

→ આર.ટી.ઓ. કચેરીના આધુનિકીકરણના ભાગરૂપે કચેરીઓનું નવીનીકરણ તેમજ સમગ્ર પ્રક્રિયાનું કમ્પ્યૂટરાઈઝેશન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયાને વધુ વેગ આપી અરજદારોને કચેરીની રૂબરૂ મુલાકાત ન લેવી પડે તે માટે વાહનવ્યવહાર સંબંધિત 28 સેવાઓ "ફેસલેસ" કરવામાં આવી છે. આ દસ્તાવેજો એમ–પરિવહન અને ડિજિલોકર સોફટવેર મારફત ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વાહનોના ફીટનેસ ટેસ્ટીંગ સુનિશ્ચિત કરવા માટે પી.પી.પી. ધોરણે આધુનિક અને ઓટોમેટિક વાહન ફિટનેસ સેન્ટરો સ્થાપવામાં આવશે. સ્ક્રેપ પોલિસી અંતર્ગત જૂના વાહનોના નિકાલ કરવા માટેની સગવડો પણ પી.પી.પી. ધોરણે ઊભી કરવામાં આવશે.

→ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા ઝીરો પ્રદૂષણ ધરાવતી 50 ઈલેકટ્રીક બસો સાથે બી.એસ.–6 ધોરણની 1200 નવી બસો પ્રજાની સેવામાં મૂકવા માટે જોગવાઈ.

→ ગુજરાત ઈલેકટ્રીક વ્હીકલ પોલિસી અંતર્ગત આવતા ચાર વર્ષમાં –

⇒ 1 લાખ 10 હજાર ટુ વ્હીલર વાહનો માટે વાહન દીઠ મહત્તમ રૂા. 20000

⇒ 70000 થ્રી વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ રૂા. 50000

⇒ 20000 ફોર વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ રૂા. 1 લાખ 50000 ની સબસીડી આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. જેના માટે આ વર્ષે જોગવાઈ.

→ ડ્રાઈવીંગ લાઈસન્સ માટે સુરત અને વડોદરા ખાતે વધારાના નવા ટેસ્ટ ટ્રેક બનાવવા તેમજ આર.ટી.ઓ. કચેરીઓના આધુનિકીકરણ માટે જોગવાઈ.

### (18) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ :

→ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂા. 15,568 કરોડની જોગવાઈ.

→ સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક પાયાની આવશ્યકતા છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ 1181 યુનિટ સામે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ 2143 યુનિટ છે, જે ગુજરાતના વિકાસને પ્રતિબિંબિત કરે છે. રાજ્યમાં અંદાજે 19 લાખ ઘરોને પાઈપ દ્વારા કુદરતી ગેસનું જોડાણ આપવામાં આવેલ છે, જે ટકાવારીની દ્દષ્ટિએ દેશમાં સૌથી વધારે છે. આ સાથે પાંચ હજાર જેટલા ઔદ્યોગિક એકમો અને આશરે 14000 વ્યાપારી એકમોને કુદરતી ગેસના જોડાણ આપવામાં આવેલ છે. કુદરતી ગેસના આયાત, સ્ટોરેજ, વિતરણ તેમજ વપરાશના ક્ષેત્રે રાજ્ય દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

→ ખેડૂતોને રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડવાના ઉદ્દેશથી 'કિસાન સૂર્યોદય યોજના' અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે જોગવાઈ.

→ બાકી રહેતા તમામ કૃષિવિષયક વીજ જોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવા માટે

→ તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા જોગવાઈ.

→ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રીવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે જોગવાઈ.

→ 'કિસાન હિત ઊર્જા શકિત યોજના' હેઠળ ઓછી ક્ષમતાના 5000 ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવાની યોજના માટે જોગવાઈ.

→ આદિજાતિ વિસ્તારોમાં સારા વોલ્ટેજ સાથે વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજળી પૂરી પાડવા માટે જોગવાઈ.

→ એગ્રીકલ્ચર પંપના સોલરાઈઝેશન માટેની પી.એમ.–કુસુમ યોજના અંતર્ગત જોગવાઈ.

→ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓછી આવક ધરાવતા પરીવારોને ઘર વપરાશના સીંગલ પોઈન્ટ વીજ જોડાણ માટે જોગવાઈ.

### (19) કલાઈમેટ ચેન્જ :

→ કલાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ રૂા. 931 કરોડની જોગવાઈ

→ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્દષ્ટિના કારણે વર્ષ 2009માં કલાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનેલ.

→ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ગ્લાસગો ખાતે યોજાયેલ કોપ–26 આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે નેટ–ઝીરો કાર્બનની દિશામાં લક્ષ્યાંકોની જાહેરાત કરી છે. બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોનો વિકાસ કરી રાજયે 15000 મેગાવોટની ક્ષમતા સ્થપાયેલ છે જયારે 30000 મેગાવોટના કાર્યો હાલ પ્રગતિ હેઠળ છે.

→ 3 લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટોપ સ્થાપી 1680 મેગા વોટની ક્ષમતા મેળવી રાજયે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. વધુ સવા લાખ ઘરોને આ યોજના હેઠળ લાભ આપવા માટે જોગવાઈ.

→ સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલોના મકાનો ઉપર સોલર રૂફટોપ સ્થાપિત કરી 10 મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે જોગવાઈ.
→ 9000 વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ–વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે જોગવાઈ.

**(20) વન અને પર્યાવરણ :**

→ વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂા. 1822 કરોડની જોગવાઈ.
→ પર્યાવરણની સમતુલાની જાળવણી અને વનોનું રક્ષણ તેમજ સંવર્ધન વિકાસ માટે જરૂરી છે. એશિયાઈ સિંહ માટે ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય વિશ્વ પ્રસિદ્ધ છે. વૈશ્વિક સ્તરે પક્ષીઓની વૈવિધ્યતાને માન્યતા આપતા રામસર(ઈરાન) કન્વેન્શનમાં રાજ્યના ચાર જળપ્લાવિત વિસ્તારોનો સમાવેશ થયેલ છે.
→ વનો તેમજ ઘાસિયા વિસ્તારોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે જોગવાઈ.
→ વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણ માટે જોગવાઈ.
→ વન્યપ્રાણીઓના નિભાવ અને સંરક્ષણ માટે જોગવાઈ.
→ વળતર વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ માટે જોગવાઈ.
→ વન ચેતના કેન્દ્ર, નવા ઘાસ ગોડાઉન અને ઔષધીય વનના કામો માટે જોગવાઈ.
→ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડના વૃક્ષોનું 75 સ્થળોએ વાવેતર કરી 75 નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે.
→ શિવરાજપુર બીચને બ્લ્યુ ફ્લેગ આંતરરાષ્ટ્રીય બીચ તરીકે માન્યતા મળેલ છે તે જ ધોરણે તીથલ–વલસાડ, માંડવી–કચ્છ, માધવપુર–પોરબંદર અને અહેમદપુર માંડવી–ગીરસોમનાથ ખાતે બ્લ્યુ ફ્લેગ બીચના વિકાસ માટે જોગવાઈ.
→ બામ્બુ મિશન યોજના હેઠળ આર્થિક મહત્વ ધરાવતા વાંસનું 5891 હેકટરમાં વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોગવાઈ.
→ લુપ્ત થતાં તેમજ દુર્લભ પ્રાણીઓ જેવા કે કોરલ રીફ, ડોલ્ફિન, ડુગોંગ તેમજ વરૂના સંરક્ષણ અને સંવર્ધન માટે જોગવાઈ.

**(21) મહેસૂલ :**

→ મહેસૂલી વહીવટમાં સરળીકરણ માટે સરકારે વિવિધ પ્રક્રિયાઓમાં સુધારા કરી લોકાભિમુખ વહીવટ માટે પગલાં લીધેલ છે. પારદર્શિતા વધારવા Any-RoR તથા i-ORA પોર્ટલ પર ડિજિટલ સિગ્નેચર અને QR Code સાથેના મહેસૂલી દસ્તાવેજોની અધિકૃત નકલ સરકારે ઉપલબ્ધ કરાવી છે. આ વ્યવસ્થાથી આશરે 8 લાખ કરતા વધુ ખેડૂતોને 7/12, 8-અ તેમજ હક પત્રકની પ્રમાણિત નકલો ઓનલાઈન પદ્ધતિથી આપવામાં આવેલ છે.
→ ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામ્ય વિસ્તારની મિલકતની માપણી કરી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે સ્વામિત્વ યોજના અમલી.
→ મહેસૂલ વિભાગની કચેરીઓ તથા સ્ટાફ કવાટર્સ માટે જોગવાઈ.
→ 4 સબ રજીસ્ટ્રાર કચેરીઓને મોડલરૂપ બનાવવા જોગવાઈ.
→ ગુજરાત મહેસૂલ પંચની કચેરી ખાતે ચુકાદાના હુકમો, પ્રોસિડિંગ વગેરે ડિજિટાઈઝ કરવા માટે જોગવાઈ.

**(22) કાયદા અને વ્યવસ્થા :**

→ ગૃહ વિભાગ માટે કુલ રૂા. 8325 કરોડની જોગવાઈ.
→ રાજ્યની પોલીસને અત્યાધુનિક શસ્ત્ર સરંજામ અને સાધન સામગ્રીથી સુસજ્જ કરવામાં આવેલ છે. ક્રાઈમ ઈન્વેસ્ટીગેશનમાં વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા એફ.એસ.એલ.ને નવા શિખર ઉપર પહોંચાડેલ છે.
→ પોલીસ પેટ્રોલિંગ અને સેવાઓની જાળવણી માટે 2256 વાહનો ખરીદવા જોગવાઈ.
→ ગૃહ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગની 1094 નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે.
→ પોલીસ ખાતા માટે 48000 થી વધુ મકાનોનું નિર્માણ કરેલ છે. રહેણાંક અને બિન રહેણાંક મકાનોના નિર્માણ માટે જોગવાઈ.
→ જિલ્લા જેલ, સબ જેલ અને સ્ટાફ કવાર્ટસના નિર્માણ માટે જોગવાઈ.
→ વિશ્વાસ પ્રોજેકટ તથા અન્ય આઈ.ટી. પ્રોજેકટ માટે જોગવાઈ.
→ ડ્રિમ સિટી સુરત અને ગીફટ સિટી ખાતે નવા પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવશે.
→ બોર્ડર એરીયાની સિક્યોરીટી વ્યવસ્થાને સુદ્દઢ કરવા માટે કચ્છ જિલ્લામાં ધોરડો, હાજીપીર અને ગાગોદરા આઉટપોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે.
→ ઈ–ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત હાર્ડવેર અને સોફટવેરની ખરીદી કરવા માટે જોગવાઈ.
→ હાલની ટુ ફીંગરના સ્થાને ફાઈવ ફીંગર આધારિત ઓટોમેટેડ ફીંગર આઈડેન્ટીફિકેશન સિસ્ટમ ખરીદ કરવા માટે જોગવાઈ.
→ પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ જોગવાઈ.
→ બોમ્બ ડીસ્પોઝલ એન્ડ ડીટેકશન સ્કવોડની કામગીરી માટે સાધન–સામગ્રીની ખરીદી કરવા માટે જોગવાઈ.
→ જેલો તેમજ આનુષંગિક કચેરીઓ ખાતે CCTV લગાડવા જોગવાઈ.
→ રેપીડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટીંગ એનલાઈઝરની ખરીદી તેમજ સીરોલોજીકલ પદ્ધતિના બદલે લુપ મેડીએટેડ આઈસોથર્મલ એમ્પ્લીફિકેશન સિસ્ટમના સાધનોની ખરીદી માટે જોગવાઈ.
→ કાયદા વિભાગ માટે કુલ રૂા. 1740 કરોડની જોગવાઈ.
→ પ્રોસિકયુશનની કામગીરીને અસરકારક અને કાર્યક્ષમ બનાવવા અદ્યતન ટેકનોલોજી અને આધુનિક માળખાગત સુવિધાઓ સરકારે ઊભી કરેલ છે.
→ નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે જોગવાઈ.
→ રહેઠાણના મકાનોના બાંધકામ માટે જોગવાઈ.

→ હયાત કોર્ટ બિલ્ડિંગ તથા રહેણાંકોના મકાનોના મરામત માટે જોગવાઈ.
→ વકીલોના કલ્યાણ માટેના વેલફેર ફંડમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને સહાય આપવા માટે જોગવાઈ.
→ પ્રોસિક્યુશનની કામગીરી માટે સરકારી વકીલોને લેપટોપ, પ્રિન્ટર તથા લો સોફ્ટવેર આપવા માટે જોગવાઈ.
→ ન્યાયતંત્ર માટેની માળખાકીય સુવિધાઓ માટે રૂા. 216 કરોડના કામો હાલ પ્રગતિમાં છે.

**(23) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :**

→ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે કુલ રૂા. 517 કરોડની જોગવાઈ.
→ રાજ્યના ભવ્ય ઐતિહાસિક અને સાહિત્યિક વારસા તેમજ સંસ્કૃતિની જાળવણી કરવા અને ખેલકૂદને પ્રોત્સાહન આપવા સરકાર પ્રયત્નો કરી રહી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના ખેલાડીઓ પ્રગતિ કરે તે માટેના પ્રયત્નો ખેલ મહાકુંભ મારફત સરકારે આદર્યા છે. તાજેતરમાં ટોકિયો–જાપાન ખાતે યોજવામાં આવેલ ઓલિમ્પિક અને પેરાલિમ્પિકસમાં ગુજરાતના છ ખેલાડીઓએ ભાગ લીધેલ અને પેરા–ટેબલ ટેનીસની રમતમાં સીલ્વર મેડલ મેળવેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.
→ ખેલ મહાકુંભ અંતર્ગત આગામી વર્ષ માટે રૂા. 73 કરોડની જોગવાઈ.
→ વલસાડ, ગીર–સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહીસાગર, અરવલ્લી, સુરત અને નવસારી ખાતે જિલ્લા કક્ષાના સ્પોર્ટસ સંકુલ માટે જોગવાઈ.
→ જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સ્કૂલ (ડી.એલ.એસ.એસ.) માં 39 શાળાઓના અંદાજે 4350 વિદ્યાર્થીઓને સવલતો પૂરી પાડવા જોગવાઈ.
→ વડોદરા જિલ્લાના ડેસર ખાતે સ્થપાયેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી માટે વધુ સુવિધાઓ વિકસાવવા જોગવાઈ.
→ કલા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યકિતઓને અવસર પુરો પાડવા કલા મહાકુંભ અંતર્ગત જોગવાઈ.
→ રાજપીપળા અને આહવા ખાતે જિલ્લા કક્ષાની તથા વઘઈ, તરસાડી કોસંબા, ડેડીયાપાડા, ભિલોડા અને ઉમરપાડા ખાતે તાલુકા કક્ષાની અદ્યતન ઈકો ફ્રેડલી સ્માર્ટ ગ્રીન લાયબ્રેરીના નિર્માણ માટે જોગવાઈ.
→ સુરત ખાતે રમતગમતની આંતરરાષ્ટ્રીય કક્ષાની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટર ઓફ એકસેલન્સના નિમાર્ણ માટે જોગવાઈ.
→ વ્યારા ખાતે 200 ખેલાડીઓ માટે હોસ્ટેલના બાંધકામ અને ફોર લેન સિન્થેટીક એથ્લેટીક ટ્રેક સાથેનું ફૂટબોલ ગ્રાઉન્ડ માટે જોગવાઈ.
→ પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા શકિતદૂત યોજના હેઠળ જોગવાઈ.
→ છોટાઉદેપુર ખાતે મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ માટે જોગવાઈ.
→ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને યોગના પ્રચાર–પ્રસાર માટે જોગવાઈ.

**(24) માહિતી અને પ્રસારણ :**

→ ગુજરાતી ફિલ્મોના પ્રોત્સાહન માટે રૂા. 20 કરોડની જોગવાઈ.
→ અમરેલી, વલસાડ અને સુરત ખાતે માહિતી કચેરીના બાંધકામ અને સાધનો માટે જોગવાઈ.

**(25) સામાન્ય વહીવટ :**

→ સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ રૂા. 2146 કરોડની જોગવાઈ.
→ પારદર્શિતા, સંવેદનશીલતા અને લોકાભિમુખ વહીવટ માટે વિકેન્દ્રીકરણ સાથે નવી તકનિકોનો ઉપયોગ કરી બધા કર્મયોગીઓને કાર્યક્ષમ અને ઉત્તરદાયી બનાવવા સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારી ક્ષેત્રે રોજગારીની તકોનું સર્જન કરી યુવા વર્ગને લોકસેવાના સહિયારા પ્રયાસમાં જોડવા માટે છેલ્લા પાંચ વર્ષમાં 1 લાખથી વધુ નોકરીઓ આપવામાં આવેલ છે.
→ વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ, ATVT અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોના વિકાસના કામો માટે જોગવાઈ.
→ સ્પીપા, અમદાવાદ ખાતે ઓફિસર્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઈ.
→ કર્મયોગીઓને તાલીમ આપી તેમની કાર્યદક્ષતા વધારવાના પ્રયત્નોના ભાગરૂપે તાલીમ સંસ્થાઓના આધુનિકીકરણ અને વિસ્તૃતિકરણ માટે જોગવાઈ.
→ બિન નિવાસી ગુજરાતીઓ સાથે સંપર્ક સુદૃઢ બનાવી ગુજરાતના વિકાસમાં તેમને સહભાગી કરવા તેમજ ગુજરાતની અસ્મિતા અને સાંસ્કૃતિક ઓળખને વિદેશોમાં પ્રસારિત કરવા વિવિધ પ્રવૃત્તિઓ માટે જોગવાઈ.

## ભાગ–B

❖ **વર્ષ 2022-23ના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂા. 668.09 કરોડની રહેશે. અંદાજપત્રના ભાગરૂપે વર્ષ 2022-23 માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરી હતી.**

→ અમારી સરકારે પેટ્રોલ અને ડિઝલ ઉપરના મૂલ્ય વર્ધિત વેરામાં અનુક્રમે 6.4% અને 5.3% નો ઘટાડો કરી વેચાણ કિંમતમાં પ્રતિ લીટર રૂા. 7 ની રાહત આપેલ છે.
→ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ એલપીજી કનેકશન તથા સ્વ સહાય જૂથસખી મંડળની મહિલાઓને લોન માટેના દસ્તાવેજો ઉપર લગતી સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત આપેલ છે.
→ કોન્ટ્રાકટ કેરેજ બસોને માસિક ધોરણે ભરવાનાં થતાં મોટર વાહન વેરામાંથી મુકિત આપેલ છે.
→ હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ 2021-22 માટે મિલકત વેરો ભરવામાંથી મુકિત આપેલ છે.
→ હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ 2021-22 માટે વીજબીલમાં ફિકસ ચાર્જ ભરવામાંથી મુકિત આપવાની બાબત વગેરેનો સમાવેશ આ રાહતોમાં થાય છે.
→ આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરી આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં હયાત વેરાના દરોમાં કોઈપણ જાતનો ફેરફાર નહી કરવાની અને નવા કોઈ વેરા નહીં નાંખવાની જાહેરાત કરવામાં આવી છે.


Banking Academy

❖ **વ્યવસાય વેરો :**

→ સરકારી અને ખાનગી ક્ષેત્રમાં વેતન મેળવતા નવોદિત મધ્યમ વર્ગને રાહત આપવાનું અમે જાહેર કરીએ છીએ. પ્રોફેશન ટેકસના કાયદા હેઠળ વ્યવસાયવેરાના હયાત માળખામાં રૂા. 6000 થી રૂા. 8999 તથા રૂા. 9000 થી રૂા. 11999 સુધીનો માસિક વેતન મેળવનાર ઉપરનો અનુક્રમે રૂા. 80 તથા રૂા. 150 નો માસિક વ્યવસાયવેરો નાબૂદ કરી હવે રૂા. 12000 સુધીના માસિક પગાર કે વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુકિત આપવાની હું જાહેરાત કરું છું. આ ઘટાડાથી વ્યવસાયવેરો ભરતા મધ્યમ વર્ગના આશરે 15 લાખ કરદાતાોઅને રૂા. 198 કરોડની રાહત મળશે.


❖ **રાજ્ય સરકારની આવકના અંદાજો, 2022-23**

| બાબત | રૂા. કરોડમાં |
|---|---|
| કરવેરા સિવાયની આવક | 17761.67 |
| કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાન | 15982.67 |
| રાજ્ય GST | 57692.00 |
| રાજ્ય વેરા (રાજ્ય GST સિવાય) | 62206.06 |
| કેન્દ્રીય કરવેરામાં હિસ્સો | 28403.06 |
| લોન અને પેશગીની વસૂલાત (અન્ય આવક સહિત) | 250.00 |
| જાહેર હિસાબ (ચોખ્ખો) | 7805.29 |
| જાહેર દેવું | 51001.00 |
| **કુલ** | 241101.75 |




❖ **રાજ્ય સરકારના ખર્ચના અંદાજો, 2022-23**


| બાબત | રૂા. કરોડમાં |
|---|---|
| વિકાસલક્ષી ખર્ચ | 142926.43 |
| બિન–વિકાસલક્ષી ખર્ચ (જાહેર દેવું, લોન અને પેશગીઓ સિવાય) | 73466.92 |
| જાહેર દેવાની ચૂકવણી | 22025.49 |
| લોન અને પેશગી | 1470.11 |
| સહાયક અનુદાન અને ફાળો | 544.71 |
| કુલ ચોખ્ખી લેવડ–દેવડ | 668.09 |
| **કુલ** | 241101.75 |




❖ **અંદાજપત્રની સામાન્ય સ્થિતિ :**

**(રૂ. કરોડમાં)**

| અ.નં. | વિગત | 2022-23 બજેટ અંદાજ |
|---|---|---|
| 1 | મહેસૂલી હિસાબ | |
| | (અ) મહેસૂલી આવક | 182045.46 |
| | (બ) મહેસૂલી ખર્ચ | 181039.60 |
| | મહેસૂલી પુરાંત (+) અથવા ખાધ (–) | 1005.86 |
| 2 | મૂડી હિસાબ | |
| | (અ) મૂડી આવક | 51251.00 |
| | (બ) મૂડી ખર્ચ | 59394.06 |
| | મૂડી પુરાંત (+) અથવા ખાધ (–) | (–) 8143.06 |
| | એકત્રિત ફંડમાં પુરાંત (+) અથવા ખાધ (–) | (–) 7137.20 |
| 3 | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | 0.00 |
| 4 | જાહેર હિસાબ (ચોખ્ખો) | 7805.29 |
| | કુલ ચોખ્ખી લેવડ–દેવડ | 668.09 |




Banking Academy

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




### Corporate Office - SURAT

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Circle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

### Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
Ph. 70464 16555

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
Ph. 70466 41555

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara
Ph. 90998 64658

**VALSAD**
D. K. Park, Opp. Shivam Traders,
Abrama, Dharampur Road, Valsad.
Ph. 8140137555